


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૬-૦૮-૨૦૨૪ મંગળવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,



૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૩,૨૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૫-૦૮-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ શ્રાવણ સૂદ ૧ વર્ષ : ૨૮ અંક ૩૦૫


## ધારીની બજારોમાં તંત્ર દ્વારા દબાણદારોને દબાણ હટાવવાની ચેતવણી આપતી રીક્ષા ફરી

# ધારીમાં દબાણો હટાવવા તંત્રની તાકિદ : ડીમોલીશનની તૈયારી

### કાચા-પાકા ઓટલાઓ, કેબીનો અને રસ્તાની સાઇડોમાં તમામ પ્રકારનાં દબાણોને સ્વૈચ્છિક રીતે હટાવી લેવા માટે તંત્ર દ્વારા જાહેર સુચના અપાઇ

### જો દબાણો નહીં હટાવાય તો તંત્ર દ્વારા જાહેર માર્ગ ઉપર કરાયેલા દબાણો અને લારીઓ પણ હટાવવાની કાર્યવાહીઓ કરાશે : દબાણદારોમાં ફફડાટ

ધારી,(ઉદયચોલેરા)

ધારીની બજારોમાં નડતરરૂપ દબાણો દુર કરવા તંત્રએ તાકિદ કર્યાની સાથે ડિમોલીશનની તૈયારીઓ કરી છે. ધારીની મુખ્ય બજારોમાં જાહેર રસ્તાને અડચણરૂપ દબાણો, કાચા પાકા ઓટલાઓ, કેબીનો અને રસ્તાની સાઈડોમાં થયેલા દબાણો સ્વૈચ્છીક રીતે હટાવી લેવા તંત્ર દ્વારા લોકોને જાહેર સુચનાઓ આપવામાં આવી હતી અને આવા દબાણો જો લોકો દ્વારા નહી હટાવાય તો તંત્ર દ્વારા જાહેર માર્ગો પરના કરાયેલા દબાણો અને લારીઓ હટાવવાની કાર્યવાહી કરશે. તંત્ર દ્વારા દબાણ હટાવવા ડિમોલીશનની તૈયારીઓ સાથે આકરા પગલા લેવા તૈયારીઓ કરતા ગેરકાયદેસર રીતે દબાણ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ધારી શહેરમાં તંત્ર દ્વારા રીક્ષાઓ ફેરવી માઈક દ્વારા પણ લોકોને સુચનાઓ આપ્યાનું જણાવાયુ છે. તંત્ર દ્વારા ડીમોલીશન સહિતની તૈયારીઓ શરૂ કરવામાં આવતા દબાણ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

## ગુજરાતમાં નાગરીકો નહીં આરોપીઓ ભયમુક્ત છે : શ્રી જેની ઠુંમર

# આટકોટમાં આવેલ જસદણનાં કન્યા છાત્રાલયમાં ભોગ બનેલ અમરેલીની દિકરી માટે શ્રી જેની ઠુંમર મેદાનમાં

### દિકરીને રૂબરૂ મળી સ્થિતિ જાણી ક્યાંક ને ક્યાંક દિકરી સાથે અન્યાય થયો છે તેને ન્યાય અપાવવા મદદ કરીશ

અમરેલી,

આટકોટ ખાતે સંકુલ ધરાવતા જસદણ કન્યા છાત્રાલયનાં બનાવ અંગે કોંગ્રેસનાં પ્રદેશ મહિલા અધ્યક્ષ શ્રી જેની ઠુંમરે જણાવ્યું હતું કે, દુષ્કર્મની ઘટનામાં ક્યાંક ને ક્યાંક તો દિકરી સાથે અન્યાય થયો છે. પણ સવાલ એ છે કે, કેટલા

(અનુ. પાના નં.૫)























## ભાવભીની શ્રદ્ધાંજલી

સ્વ.લાભુબેન ગોવિંદભાઇ મોરવાડિયા
સ્વ.તા.૪-૮-૨૦૨૪, રવિવાર (ઉ.વ.૭૫)

ધારી નિવાસી સ્વ.લાભુબેન ગોવિંદભાઇ મોરવાડિયાનું તા.૪-૮-૨૦૨૪ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
અંજલી અર્પણ કરીએ તો આંસુ સરે છે, તસ્વીર તમારી જોતા હૈયુ રડે છે, દરિયા જેવુ નિખાલસ હૃદય, કુટુંબ સાથેનો આપનો અતુટ નાતો કાયમી સંભારણુ બની રહેશે. ઈશ્વર તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.ગોવિંદભાઇ ભાણાભાઇ મોરવાડિયા મો.૯૪૨૮૯ ૨૧૬૬૭
કિશોરભાઇ ગોવિંદભાઇ મોરવાડિયા મો.૯૪૨૮૯ ૨૧૭૯૦
મહેશભાઇ ગોવિંદભાઇ મોરવાડિયા મો.૯૫૩૭૯ ૩૩૫૪૮
રાજેશભાઇ ગોવિંદભાઇ મોરવાડિયા મો.૯૮૭૯૯ ૯૮૬૮૮
















### દુકાનો પ્રશ્ને નગરપાલિકા આકરા પાણીએ : કડક કાર્યવાહી હાથ ધરી

# સાવરકુંડલામાં દુકાનદારોને નોટીસો અપાઇ

**૨૦ ટકા લેખે પ્રથમ હપ્તાની રકમ નહીં ચુકવતા નગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી શરૂ કરાઇ**

**શહેરનાં મહુવા રોડ ઉપર ભાડાની દુકાનો છે તેમાં દસ દુકાનદારોને નોટીસો ફટકારી**

**દુકાનદારોએ ૬.૭૭ લાખની રકમ આપી દેતા નગરપાલિકાએ કાર્યવાહી બંધ રાખી**

**ઉપરની ૨૦ દુકાનોનાં ૬૧ લાખ જેવી રકમ વસુલવા દસ દિવસની મહેતલ અપાઇ**



સાવરકુંડલા, (સૌરભ દોશી)સાવરકુંડલા નગરપાલિકા આકરા પાણીએ થઈ અને પાલિકાનીદુકાનોજેઆવેલીછેતેમાંનીચેની દુકાનોનેઅગાઉનોટીસઆપતા ૨૦%લેખે પ્રથમ હપ્તો નહીં ચૂકવતા કડક કાર્યવાહી હાથ ધરી સાવરકુંડલા શહેરના મહુવા રોડ ઉપર એક ગ્રાઉન્ડમાંનગરપાલિકાઆવેલી છે અને નીચે અને ઉપર એમ નગરપાલિકાની ભાડાની દુકાનો છે જેમાં નીચેની ૧૦ દુકાનોને નોટિસો આપવામાં આવી હતી અને આજે પાલિકા તંત્રએ સીલ મારવાની કાર્યવાહી કરવા જતા તમામ દુકાનદારોએ ચેક થી ૬. ૭૭ લાખ ઉપરાંતનીરકમઆપીદેતાનગરપાલિકાએ કાર્યવાહી બંધ રાખી છે જ્યારે ઉપરની ૨૦ દુકાનો કે જેની પ્રથમ ૨૦% હપ્તા લેખે ૬૧ લાખખૂબજમોટીરકમબાકીહોયતમામને નોટિસ આપી છે અને દસ દિવસનો સમય આપવામાંઆવ્યોછેત્યારેહવેદસદિવસમાં જોઉપરનીદુકાનોવાળારકમનહીંચૂકવેતો તેના ઉપર પણ પાલિકા કાર્યવાહી કરશે તેમ ચીફ ઓફિસર બોરડ દ્વારા જણાવવામાં આવ્યું છે.

---

## ધારગણીનાં યુવાને એમએસસી એગ્રી. આણંદ ખાતે પુર્ણ કરી સંશોધક તરીકે પસંદગી મેળવી

**સહાયક સંશોધક તરીકે પસંદગીને સર્વત્ર આવકાર**



અમરેલી,ધારગણી નિવાસી શ્રી સ્વ શ્રી વાલજીભાઈ લક્ષ્મણભાઈ બગડાનાપૌત્ર અને પ્રકાશભાઈ વાલજીભાઈ બગડા હાલ સાવરકુંડલા ના પુત્ર શ્રી ભૌતિક એ આણંદ ખાતે એમએસસી એગ્રી પૂર્ણ કરી ભારતની અગ્રગણ્ય ખેતી અને દૂધની પ્રોડક્ટ નું સંશોધન કાર્ય કરતી સંસ્થા જેને ડોક્ટર કુરિયને સ્થાપિત કરી વિશ્વ લેવલ સુધી પહોંચાડેલ છે. તે સંસ્થા IRMA ઈન્સ્ટિટયૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ માં સહાયક સંશોધક તરીકે માં કેમ્પસ ઈન્ટરવ્યૂમાં સિલેક્શન થયું છે. તેઓને પરિવારના સમાજના લોકોએ આવકારી ખુશી વ્યક્ત કરી હતી.

---

### દર વર્ષની જેમ આ વર્ષે પણ અનેક ભાવિકોને પ્રસાદ આપવા વ્યવસ્થા ગોઠવી

## સોમનાથ મહાદેવનાં મંદિરે ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી દ્વારા પ્રસાદ વિતરણ

**શિવલીંગને દુધ, જલ, બિલીપત્ર, અબીલ ગુલાલનો અભિષેક કરી પુજન કર્યુ**







રાજુલા, (કનુભાઈ વરૂ)

પવિત્ર શ્રાવણ માસ આજથી શરૂ થઈ રહ્યો છે ત્યારે ગુજરાત મંત્રી પરષોત્તમભાઈ સોલંકી અને રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા દર વર્ષે સોમનાથ મુકામે પ્રસાદનું આયોજન કરવામાં આવે છે શ્રાવણ માસના ચાર સોમવાર દરમિયાન ભાવિકો માટે પ્રસાદ અને ફરાળની વ્યવસ્થા કરવામાં આવે છે આજે પણ શ્રાવણ માસના પ્રથમ દિવસે સોમવારે પ્રસાદનું અને ફરાળનું આયોજન કરવામાં આવ્યું હતું વહેલી સવારે ભગવાન દાદાના શિવલિંગ ને દૂધ પાણીઅને ગુલાલ બિલીપત્ર અભિષેક કરી સોમનાથ દાદાના દર્શન કર્યા હતા તેમજ તેમજ હમીરસિંહ ગોહિલ ના તને ટેસ યુ નમન કર્યું હતું ત્યારબાદ તુર્તજ વહેલી સવારથી જ ફરાળનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું હતું.

હજારો માણસોએ ફરાર ન લાભ લીધો સોમનાથ દર્શને આવતા ભાવિકોએ લીધો હતો ફરાળ વિતરણ કરવામાંજ હીરાભાઈ નો પરિવાર જોડાયો હતો અને જય સોમનાથના નાદ સાથે ભાવિકો જોડાયા હતા આ પ્રસંગે ભાવેશભાઈ સોલંકી ચેતનભાઈ શિયાળ ઉમંગભાઈ મકવાણા તથા તથા શાંતુબેન સોલંકી રીનાબેન શિયાળ તથા સંસલ તેમજ બોહળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા

---

### પવિત્ર શ્રાવણ માસ નિમિતે

## રાજુલામાં ૬૧ હજાર પંચમુખી રુદ્રાક્ષનું વિરાટ શિવલીંગ બનાવાયું

**૮ દિવસ સુધી ભાવિક ભક્તો દર્શન કરી શકશે : શિવાલય ખુલ્લુ મુકવામાં આવ્યું**





રાજુલા, (કનુભાઈ વરૂ)

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતા ગુજરાત અને સૌરાષ્ટ્રના શિવાલયો હર હર મહાદેવના નાદ સાથે શિવાલયો ગુંજી ઉઠશે ત્યારે અમરેલી જિલ્લામા આવેલ રાજુલા શહેરમાં આવેલ પૌરાણિક કુંભનાથ અને સુખનાથ મંદિર આવેલ છે અહીં બંને મંદિરોની મધ્યમાં આવેલ કૈલાસ ધામના પટાંગણમા ૧૬ બ્રાહ્મણો દ્વારા ૬૧,૦૦૦ પંચમુખી રુદ્રાક્ષની વિરાટ શિવલિંગ બનાવી આરતી ખુલ્લી મુકતા મોટી સંખ્યામાં ભવિક ભક્તો ઉમટી પડ્યા છે આ પ્રથમ વખત હજારોની સંખ્યામાં રુદ્રાક્ષની શિવલિંગ બનાવતા આકર્ષણનું કેન્દ્ર બની રહી છે અલગ અલગ ૧૬ પ્રકારના રુદ્રાક્ષનો આ શિવલિંગમાં સમાવેશ કરવામાં આવ્યો છે.રાજુલા પંથકમાં આવેલ કુંભનાથ સુખનાથ બંને મંદિર એક સાથે આવેલ છે આ મંદિર વર્ષોથી પૌરાણીક છે અહીં શિવલિંગ બનાવતા ભાવિક ભકતોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે.આજથી આવતા સોમવાર સુધી ૮ દિવસ સુધી આ રુદ્રાક્ષ શિવલિંગના દર્શન રાખવામાં આવશે સવારે ૮ થી સાંજે ૮ વાગ્યા સુધી આ શિવલિંગના દર્શન કરી શકાશે સાથે પૂજા અર્ચના અને મહાઆરતીઓ કરવામા આવશે અમરેલી જિલ્લામાં મોટાભાગના શહેર અને ગ્રામ્ય વિસ્તારના શિવાલયો હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠ્યા છે જેના કારણે શ્રાવણમાસ દરમ્યાન ભક્તિમય માહોલ વધુ જોવા મળશે.

૧૬ દિવસથી તૈયારીઓ ચાલતી હતી ભાગવત સિમિતિ દ્વારા પ્રથમ વખત આયોજન કરવામાં આવ્યું છે પંચમુખી રુદ્રાક્ષની આ શિવલિંગનું ટ્રક્ચર વલસાડના ધરમપુરમાં બનાવવામાં આવ્યું છે ૧૬ જેટલા બ્રાહ્મણો દ્વારા શિવલિંગ તૈયાર કરવામા આવી છે દિવસ સુધી આ શિવલિંગ રાખવામાં આવશે અગાવ આ કમિટી દ્વારા અનેક જગ્યાએ શિવલિંગના આયોજન કરવામાં આવ્યા છે.જતીનભાઈ ભાગવત આચાર્યએ જણાવ્યું અમને એક વિચાર આવ્યો હતો અલગ અલગ શિવલિંગના આપણે દર્શન કર્યે છીએ તો શિવપુરાણમાં રુદ્રાક્ષનું મહત્વ છે રુદ્રાક્ષનું એટલે શિવલિંગ બનાવ્યું ૨૦૦૯માં આફ્રિકામાં શિવલિંગ બનાવ્યું હતું ગયા વર્ષે શિવલિંગ બનાવી હતી અને આ વર્ષે ૬૧,૦૦૦ના રુદ્રાક્ષનું શિવલિંગ બનાવ્યું છે. ભાગવત સમિતિ દ્વારા આ આયોજનમાં જતીનભાઈ જાની ભાગવત આચાર્ય,ભગીરથભાઈ મહેતા,કિશનભાઈ દવે,કેવલભાઈ જાની,કરણભાઈ જાની,સહિત કમિટીએ આ શિવલિંગમાં મહત્વની ભૂમિકા ભજવી હતી ઉપરાંત વિશ્વ હિન્દૂ પરિષદના કાર્યકરો હોદેદારો દ્વારા અહીં સેવા આપી સહયોગ આપવામાં આવશે.

---

## ધારી પૃષ્ટીમાર્ગીય હવેલીમાં ઠાકોરજીને શણગાર

**ડ્રાયફ્રુટના દર્શનનો લ્હાવો લેવા વૈષ્ણવો**



ધારી,

ધારી ની પૃષ્ટીયમાર્ગી હવેલી માં દર્શન નું દરરોજ ઠાકોરજી ને નવા નવા શણગાર કરવા માં આવે છે. તેમાં આજ ના દર્શન ડ્રાયફ્રુટ ના કરવામાં આવેલ. તેમાં મુખ્યાજી કનુભાઈ મહેતા મુખ્યાણીજી ચંદ્રિકાબેન દ્વારા દરરોજ નવા નવા શણગાર ઠાકોરજી ને કરવામાં આવે છે.તેનો લાભ ધારી ના તમામ લોકો લે છે.બહુ શંખ્યા માં લોકો લાહો લે છે.તેમ સોજીત્રા એ જણાવેલ છે.

---

### ઇફ્કોનાં ડાયરેક્ટર શ્રી ભાવેશ રાદડીયાની ઉપસ્થિતિમાં

## અંટાળીયામાં સ્નેહગોષ્ઠી યોજાઇ

**અંટાળેશ્વર મહાદેવ મંદિરે કાર્યક્રમમાં સહકારી આગેવાનોની ઉપસ્થિતિ**



લીલીયા, (મહેશ દવે)લીલીયા તાલુકાના અંટાળેશ્વર મહાદેવના મંદિર ખાતે લીલીયા પ્રગતિ બેંક અને સહકારી સંસ્થાઓ દ્વારા ઈફકો ફર્ટિલાઈઝર કંપનીમાં બીજી વખત અને ઈફકો ટોકિયો માં ડાયરેક્ટ તરીકે ભાવેશભાઈ રાદડિયા ની નિમણૂક કરવામાં આવતા સ્નેહ ગોષ્ઠી કાર્યકમ યોજવામાં આવેલ આ તકે સૌ પ્રથમ પ્રકાશભાઈ વિરાણીએ ઉપસ્થિત અગ્રણીઓ આગેવાનોનું શાબ્દિક સન્માન કરી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી ત્યારબાદ ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભુપતભાઈ ધામત તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી,એડવોકેટ કિશોરભાઈ પાઠક,ડાયરેક્ટર ભરતભાઈ ગરાણીયા, ભરતભાઈ શેખલીયા,ઘનશ્યામભાઈ બારૈયા, હરિભાઈ ધોરાજીયા, ભાસ્કર ભાઈ પટેલ સહિતના મહાનુભાવો એ ભાવેશભાઈ રાદડિયાએ સહકારી ક્ષેત્રે કરેલ પ્રગતિની ભારે પ્રશંસા કરી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું ત્યારબાદ વિવિધ સંસ્થાના હોદ્દેદારો એ ઈફકો કંપનીમાં ફરી વખત અને ઈફકો ટોકીયો માં ડાયરેક્ટર તરીકે નિમણૂક પામતા વિવિધ રીતે સન્માન કરી શુભેચ્છા આપી હતી. આ તકે ભાવેશભાઈ રાદડિયા એ જણાવ્યું હતું કે મારી વિશ્વની સૌથી મોટી કંપની એટલે ઈફકો અને ઈફ્કો ટોક્યો માં સ્થાન મળ્યું હોય તો માત્ર ને માત્ર સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીને કારણે મળ્યું છે મારું અસ્તિત્વ દિલીપભાઈ સંઘાણીના કારણે છે કાર્યક્રમના અંતમાં જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત દ્વારા આવેલ મહેમાનો ની આભાર વિધિ કરવામાં આવી હતી.

આ તકે મોટી સંખ્યામાં તાલુકા ભર ના સરપંચો સહકારી આગેવાનો ઉપસ્થિત રહી ભાવેશભાઈ રાદડિયા ને શુભકામના પાઠવેલ હતી કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રગતિ કો.ઓ.ના બોર્ડ ઓફ ડિરેક્ટર તુષારભાઈ ધોરાજીયા, આર. બી. ભાલાળા, ટીકુભાઈ તેમજ મેનેજર ભદ્રેશભાઈ રાદડિયા સહિત સ્ટાફના લોકોએ જહેમત ઉઠાવેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પી.એમ.રાખસીયા દ્વારા કરવામાં આવેલ.

---

## રાજુલામાં શ્રીમતી સંઘવી મહિલા કોલેજમાં સીઆર અને જીએસની ચુંટણીઓ યોજાઇ

**કોલેજમાં લોકશાહી ઢબે મતદાન થતા સીઆર અને જીએસની વરણી કરાઇ**



રાજુલા, (કનુભાઈ વરૂ)

શ્રીમતી એસ. બી. સંઘવી મહિલા કોલેજ ખાતે લોકશાહી ઢબે CR અને GS ની ચુંટણી માં સૌ પ્રથમ. ઉમેદવારોના ફોર્મ ત્યાર બાદ તેમણે પ્રચાર કરી મતદાતાઓને વચન આપેલ. મતદાતાઓ એ ગુપ્ત રીતે મતદાન કરેલ અને ત્યાર બાદ ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મત ની ગણતરી થયેલ જેમાં જંગી બહુમતી થી આર્ટસ વિભાગ માં ષ્જી તરીકે પૂજા બેન જેન્તી ભાઈ પરમાર અને કોમર્સ વિભાગ માં ક્રિષ્ના બેન બળવંત ભાઈ પરમાર જંગી બહુમતી ચૂંટાયા. ત્યાર બાદ આર્ટસ વિભાગ માં ભઈ તરીકે ક્રિષ્નાબેન મનુભાઈ જાજડા, સેજલબેન જહાભાઈ કાતરિયા, શ્રદ્ધાબેન નરશીભાઈ કાતરિયા, પરીક્ષિતાબેન ધીરુભાઈ રાઠોડ, અવનીબેન લાલજીભાઈ બાંભણીયા તથા કોમર્સ વિભાગ ના CR શ્રુતિબેન અમરશી ભાઈ ઝાંઝમેરા, અંજલીબેન દિનેશભાઈ હડિયા, પૃથ્વીબેન બાવકુભાઈ ધાખડા, બહુમતી થી ભઈ પદે ચૂંટાય આવેલ. ત્યાર બાદ GS અને CR ના થી શપથ ગ્રહણ વિધી પણ કરવામાં આવેલ. આ ચૂંટણી કાર્ય માટે અધ્યાપકોએ જહેમત ઉઠાવેલ. તમામ GS તથા CR ને કોલેજ સેક્રેટરી શ્રી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ ડાયરેકટર શ્રી ડો.શ્રીજીગ્નેશભાઈ વાજા તથા કેમ્પસ મેનેજર શ્રી રવિ ભાઈ વ્યાસ તથા પ્રિન્સિપાલ શ્રી ડો.રીટા બેન રાવલ દ્વારા અભિનંદન પાઠવવા માં અને પ્રગતિ ની શુભકામના પાઠવવા માં આવેલ.

---

### અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં શ્રી મહેન્દ્રભાઇ વિછીયાનાં અધ્યક્ષ પદે

## અમરેલી જિલ્લા પ્રા. શિ. સંઘની કારોબારી બેઠક મળી

**સાંસદશ્રી ભરતભાઇ સુતરીયા, ભીખાભાઇ ધોરાજીયા સહિત આગેવાનોની ઉપસ્થિતિ**





રાજુલા, (કનુભાઈ વરૂ)

અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહેન્દ્રભાઈ વિછીયા ની અધ્યક્ષતા માં તા.૦૩/૦૮/૨૦૨૪ ને શનિવારના રોજ જિલ્લા કારોબારી બોલાવવામાં આવેલ હતી.જેમાં અમરેલીના સાંસદશ્રી અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભરતભાઈ સુતરિયા,જિલ્લા શિક્ષણ સમિતિ ના ચેરમેનશ્રી ભીખાલાલ ધોરાજીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મિયાણી નાયબ ડી.પી.ઈ.ઓશ્રી સોલંકી, હિસાબી અધિકારી શ્રી ચૌહાણ, જિલ્લા શિક્ષણ સમિતિ ના તમામ સ્ટાફ, ઘટક સંઘના પ્રમુખશ્રી/મંત્રીશ્રી, જિલ્લા હોદ્દેદાર, જિલ્લા કારોબારી સભ્યો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.આ તકે માન.સાંસદ શ્રીએ શિક્ષણ ની ગુણવત્તા સુધારવા પર સૌ સાથે પ્રયત્નો કરવા પર ભાર મૂક્યો હતો. ડીપીઈઓએ જણાવ્યું કે જિલ્લામાં કોઈ કામ હાલ પેન્ડિંગ નથી. અને ખૂબ જ સારી રીતે સંકલનથી કાર્ય થઈ રહ્યું છે.જિલ્લા મહેન્દ્રભાઈ વિછીયા એ માન.સાંસદ શ્રી/ ચેરમેનશ્રી ને OPS માટે કેન્દ્રમાં અને રાજયમાં રજુઆત કરવા વિનંતી કરી. ડીપીઈઓશ્રી અને તેમની સમગ્ર ટીમનો આભાર માન્યો હતો. જિલ્લા કારોબારી ને હવે OPS અને અન્ય પડતર પ્રશ્નો માટે આગામી સમયમાં લડત આપવા તૈયારી રાખવા સૂચના આપવામાં આવી.આ તકે ખજાનચી ધર્મેન્દ્રભાઈ ધાધલ, સિ. પ્રમોદભાઈ કાનપરિયા અને તમામ ઘટક સંઘ પ્રમુખ/મંત્રી ઓએ સંગઠનને મજબૂત બનાવવા માર્ગદર્શન આપેલ હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મહામંત્રી રસિકભાઈ મહેતા અને મહામંત્રી નિલેશભાઈ ઠુમર દ્વારા કરવામાં આવેલ. તેમ ખજાનચી ધર્મેન્દ્રભાઈ રાજુલાની ની યાદીમાં જણાવ્યું છે

---


**મકાન વેચાવ છે**

અમરેલીમાં ચિતલ રોડ તપોવન પાર્કમાં ઉપર ત્રણ બેડરૂમ, નીચે બેડરૂમ હોલ, કિચન, ફીક્સ ફર્નિચર, મોટુ ફળીયુ, કલર, પીઓપી કરેલ, ત્રણ બાજુ જગ્યા, અંદાજે ૧ વસા જગ્યામાં સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઇપ મકાન વેચવાનું છે

સંપર્ક : મો.૮૨૦૦૬ ૩૮૬૨૪

**શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ**

પવિત્ર શ્રાવણ માસમાં અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ

ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ

તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ

ફરાળી વાનગીઓની વિવિધ રેંજ

**અવધ ડેરીફાર્મ** સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

**ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**



A/C તથા NON A/C ગાડી ભાડે મેળવવા માટે વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ

મારૂતી અર્ટીગા (૭ સીટર)

મારૂતી સ્વીફ્ટ ડીઝાયર (૪ સીટર)

સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦

લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦

**બે માળનું મકાન વેચવાનું છે**

રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી

ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપૂર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે

સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ



મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ

ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

માત્ર ૨૦ જ મીનીટમાં.. ફક્ત ૯.૯૦% ના વાર્ષિક વ્યાજદરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન

A.P.C.C.S A.P.C.C.S

ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી

''પીપલ્સ ભવન'', ફ્રુટ માર્કેટ

પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી

સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

**જગ્યા વેચાણથી આપવાની છે**

બેંક, હોસ્પિટલ, શો-રૂમ લાયક જગ્યા

પહેલો માળ ''અવલકુંજ'' કોમ્પલેક્ષ

જુની કેનેરા બેંકવાળી જગ્યા

સ્થળ : લીલીયા રોડ, પટેલવાડીની સામે, અમરેલી

રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના નંબર પર સંપર્ક કરો

મો.૯૯૨૫૨ ૨૬૬૩૮, ૬૩૫૩૬ ૪૨૪૯૭

**જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ**

10

નિયંત્રણ

ઉધઇ

ફક ઇમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે ઉધઇ ટ્રીટમેન્ટ - હાઇટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ

ઉધઇ-માકડ-વાંદા વગેરે દવા છાંટી આપીશું

અજયભાઇ : ૬૩૫૪૮૬૩૫૭૪/૬૩૫૪૯૮૪૨૬૧

## શીવ રેસીડેન્સી સોસાયટીના આંગણે શિવાલયનું નિર્માણ થતાં અમરેલીમાં મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે : શ્રી ભરત ચૌહાણે તૈયારીઓ નિહાળી

# શિવ રેસીડેન્સીનાં નવનિર્મિત શિવાલયની મુલાકાતે અવધ ટાઇમ્સ

### તા. ૭ થી ૯ સુધી પ્રાણ પ્રતિષ્ઠા નિમીતે યજ્ઞ સહિત અનેક ધાર્મીક કાર્યક્રમો મહાપ્રસાદ સહિતના અનેક કાર્યક્રમો

### ભવ્ય મહોત્સવનાં આયોજકો દ્વારા અવધ ટાઇમ્સનાં તંત્રી શ્રી ભરત ચૌહાણનું સ્વાગત

### ભવ્ય યજ્ઞના આચાર્ય પદે શાસ્ત્રી વિપુલભાઇ જોષી અને ભરતદાદા વ્યાસની દેખરેખમાં વૈદિક પધ્ધતિથી આયોજન



અમરેલી,અમરેલીમાં શીવ રેસીડેન્સી સોસાયટીના આંગણે મુર્તી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યજ્ઞ તા.૭ બુધવારથી ૯ શુક્રવાર સુધી યોજાશે. આ પ્રસંગે અવધ ટાઇમ્સનાં તંત્રી શ્રી ભરત ચૌહાણે શિવ રેસિડેન્સી સોસાયટીની મુલાકાત લીધી હતી અને તૈયારીઓ નિહાળી હતી. આયોજકોદ્વારા શ્રી ભરતભાઈ ચૌહાણનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તા.૯ સાંજે ૬ :૩૦ કલાકે મહા પ્રસાદ પણ યોજાશે આ પ્રતિષ્ઠા યજ્ઞમાં આચાર્ય પદે શાસ્ત્રી વિપુલભાઈ જોષી અને ભરતદાદા વ્યાસની દેખરેખ હેઠળ સેવા અપાશે. પ્રથમ દિવસે સવારે ૮:૦૦ વાગ્યે હેમાદ્રી, નગરયાત્રા, જળયાત્રા, શાંતીયજ્ઞ અને ધન્યાધીવાસ બીજા દિવસે ગુરુવારે દેવતા પુજન, વાસ્તુયજ્ઞ, હોમ મહાઅભીષેક સહિત કાર્યક્રમો તથા ત્રીજા દિવસે શુક્રવારે દેવતા પુજન, કળશ, ધજા, દંડ પુજન, પ્રતિષ્ઠા હોમ અને મુર્તી પ્રામ પ્રતિષ્ઠા અને પંચહોમ અને બપોરે ૨ વાગ્યે દાતાઓનું સન્માન કરાશે, બીડા હોમ બાદ મહાઆરતી ૪:૦૦ કલાકે યોજાશે. તેમ આયોજકો દ્વારા જણાવાયું છે.

---

### ગુજરાત સરકારે રજુઆતનાં અંતે નિર્ણય લીધો

## જાફરાબાદ સહિતનાં માછીમારો દ્વારા ૧૫ મીથી માછીમારીનો પ્રારંભ કરાશે

### ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકીની રજુઆતથી નિર્ણય લેવાતા માછીમારોમાં ખુશી



રાજુલા, (કનુભાઈ વરૂ)

પહેલી ઓગસ્ટ થી શરૂ થતી માછીમારી ૧૫ ઓગસ્ટ શરૂ થાય તે માટે માછીમારોની માંગ હતી આ બાબતે ગુજરાત સરકારના મંત્રી રાઘવજીભાઈ પટેલ સમક્ષ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને પ્રતિનિધિ મંડળ રજુઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને સમસ્ત માચ્છીમારી સમાજ અને દરિયાઈ ખેડૂત માટે ખુબ જ સારા સમાચાર છે કે હવે માછીમારીની નવી સિઝન ૧૫/૦૮/૨૦૨૪ થી શરૂ થશે જેથી માચ્છીમારોને આ કરંટ વાળા દરિયામાં પોતાનો જીવ જોખમમાં મૂકી દરિયો ખેડવો નહિ પડે, ચોમાસાનું વેકેશન લાંબુ મળશે, બુમ્બલા મચ્છી ફેકવી નહી તેમજ મચ્છીના બચ્ચા ઊજેળવાનો પૂરતો સમય મળી રહેશે જેમાં સૌથી પ્રથમ કોઈ અભિનંદનને પાત્ર હોઈ તો તે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, પવનભાઈ શિયાળ હંમેશા અડીખમ માછીમાર સમાજ માટે ઉભેલ કિશોરભાઈ કુહાડા અને જીતુભાઈ કુહાડા, ખારવા સમાજ જાફરાબાદ પ્રમુખ ભગુભાઈ સોલંકી, યુવા અને ઉત્સાહી ખારવા સમાજ જાફરાબાદ પટેલ કનૈયાલાલ સોલંકી, જી.એફ. માજી ડાયરેક્ટર અને માંગરોળ ખારવા સમાજના અગ્રણી વેલજીભાઈ મસાણી તેમજ તમામ બંદર ના આગેવાનો અને ગુજરાત અને ભારતદેશ ના મરછીમારોનું ભવિષ્ય અને વર્તમાન સુખ અને સમૃદ્ધિની મનોકામના કરનાર તમામ આગેવાનો દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને ગુજરાત સરકારનો આભાર માન્યો હતો.

---

### વેતન સહિતનાં પ્રશ્ને

## અમરેલીમાં સફાઇ કામદારોએ ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયાનાં કાર્યાલયે સુત્રોચ્ચાર કર્યો

### નગરપાલિકા સામે ચાલી રહેલા આંદોલનમાં કામદારો રોષીત



અમરેલી, અમરેલી નગરપાલિકાનાં સફાઈ કામદારો પોતાનાં પ્રશ્નોનાં ઉકેલ માટે લડત ચલાવી રહેલ છે. દરમિયાન આજે રોષીત બનેલા કામદારોએ ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયાનાં કાર્યાલયે જઈ રજુઆત કરી હતી અને પ્રશ્નો હલ કરવા માંગ કરી હતી. મોટી સંખ્યામાં સફાઈ કામદારો સહિત એકત્ર થયા હતાં. અમરેલી સીટી પોલીસે કડક બંદોબસ્ત જાળવ્યો હતો.

---

## અમરેલીમાં ટીવી વેચાણ પેટે આપેલો ચેક રીટર્ન કેસ ચાલી જતા એક વર્ષની સજા

### રૂા. ૫૫,૫૦૦ ચુકવવા અને ન ચુકવે તો વધુ છ માસની કેદની સજા



અમરેલી, અમરેલીના આકાર સેલ્સ એન્ડ સર્વીસ સેન્ટરના માલીક શ્રી અશ્વીનભાઈ બાબુભાઈ સોલંકી નાએ તેના ગ્રાહક આરોપી રફીકભાઈ જમાલભાઈ કુરેશી રહે. અમરેલી વાળાને બાકીમાં ટેલીવીઝન વહેચેલ જેની અવેજનો રૂા.૫૫,૫૦૦/-નો ચેક આપેલ જે ચેક બેન્કમાંથી અપુરતા ફંડના કારણે પરત ફરતા જે અંગે નામ. ચીફ કોર્ટ અમરેલીમાં કેસ દાખલ કરેલ જે કેસમાં પુરાવાના અંતે નામદાર થર્ડ એડી. ચીફ કોર્ટ અમરેલી દ્વારા આરોપીને ૧ વર્ષની સજા ભોગવવાનો તથા ચેકની રકમ રૂા. ૫૫,૫૦૦/- પુરા ફરીયાદીને પરત ચુકવી આપવાનો અને ન ચુકવે કસુર કરે તો વધુ ૬ માસની કેદનો આદેશ કરેલ છે આ કેસમાં ફરીયાદી આકાર સેલ્સ એન્ડ સર્વીસ સેન્ટરના માલીક તર્ફે અમરેલીના જાણીતા વકીલશ્રી ધર્મેશ એચ. પંડયા રોકાયેલ હતા જેઓની ધારદાર દલીલો કોર્ટે ગ્રાહય રાખી આરોપીને સજા ફરમાવતો ચુકાદો જાહેર કરેલ છે.

---

## ચાંચ બંદરનાં સહકારી આગેવાન શ્રી શામજીભાઇનું નિધન થતા વિવિધ આગેવાનોએ શોકાંજલી પાઠવી

### સદ્દગતનાં સંસ્મરણો યાદ કર્યા : શ્રધ્ધાસુમન અર્પણ કરાયા



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા તાલુકાના ચાંચબંદર ગામના સહકારી અગ્રણી ચૌહાણ શામજીભાઈ નું આજે તેમનું અવસાન થતા સમગ્ર સહકારી ક્ષેત્રમાં રાજુલા જાફરાત પંથકમાં ખોટ પડી છે શ્રી શામજીભાઈ ચૌહાણ વર્ષોથી સાસ ગામમાં શાળા કોલેજ મીઠા ઉત્પન્ન મંડળી સહિતના પ્રમુખ છે ભવનાથ તળેટીના પણ સભ્ય છે તેમજ રાજુલા તાલુકામાં માર્કેટિંગ યાર્ડમાં પણ સભ્ય હતા રાજુલા જાફરાબાદ ખાંભા કોળી સમાજમાં સારું એવું પ્રભુત્વ ધરાવતા હતા વર્ષોથી ભાજપના કાર્યકર હતા અને મીઠા ઉદ્યોગના અગરિયાઓના નાના-મોટા કામો કરતા હતા અને સાત બંદરમાં વિકાસમાં તેનો નોંધનીય ફાળો છે તેના દુ:ખદ સમાચારથી આજે સહકારી ક્ષેત્રમાં તેમજ સરપંચોમાં અને આ વિસ્તારના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી તેમજ માર્કેટિંગ યાર્ડના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ તથા માજી સરપંચ કાનજીભાઈ તથા બેક ના ડિરેક્ટર શ્રી દાંદભાઈ વરુ શ્રી બાબુભાઈ મકવાણા ડેડાણ તથા ટીંબી યાર્ડના પ્રમુખ ચેતનભાઈ વગેરે શોકની લાગણી ઉદ્દભવી અને એક સહકારી અગ્રણીએ અને કોળી સમાજના આગેવાન ગુમાવતા કોળી સમાજમાં પણ ની ખોટ ક્યારેય નહી પુરાય દરિયાકિનારાના ગ્રામ્ય વિસ્તારો ખેરા પટવા સા શિયાળબેટ વગેરે ગામના લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા.

---

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૩/૨૦૨૪............મુ.તા.૦૫-૦૯-૨૦૨૪
અરજદાર : માણાભાઈ વાઘાભાઈ ભુંકણ રહે.ભાવરડી, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ભાવરડી, તા.ખાંભા, જી.અમરેલી

### જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર માણાભાઈ વાઘાભાઈ ભુંકણનો જન્મ તા.૦૧-૦૬-૧૯૮૬ નારોજ ગામ ભાવરડી, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પોતાના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૦૫-૦૯-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૩૧-૦૭-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા


| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

---

### અધિકારીઓ સાથે બેઠક યોજી ચર્ચા વિચારણા કરી

## રાજુલા પંથકમાં વિશાળ ડેમ બનાવવા બેઠક બોલાવતા ધારાસભ્ય શ્રી હિરાભાઇ સોલંકી

### સબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી ચર્ચા વિચારણા કરી



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા હાલ બે પાણીના ડેમ આવેલા છે તેમાં દ ધાતરવડી એક અને બે આ બંને ડેમોમાંથી હાલ રાજુલા જાફરાબાદ ને પીવાનું પાણી અને સિંચાઈ માટેનું પાણી મળી રહ્યું છે ત્યારે રાજુલા તાલુકામાં હજુ એક વિશાળ પાણીનો ડેમ બને તે દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આજરોજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી કાર્યાલય પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને બોલાવી અને ચર્ચા વિચારણાઓ કરી હતી કે આ વિસ્તારમાં અગાઉ એક ડેમ બનાવવા માટે સર્વે કરવામાં આવ્યો હતો જેને આજે ઘણા વર્ષો થઈ ગયા છે ત્યારે રાજુલા તાલુકામાં ફરી એક નવો ડેમ બનાવી શકાય તે દિશામાં નું કાર્યવાહી કરી શકાય તે બાબતે અધિકારીઓ સાથે પરામર્શ ચર્ચાઓ કરી હતી. આગામી સમયમાં આ વિસ્તારમાં નવો ડેમ બને તે માટે તેનું સ્થળ નિરીક્ષણ એસ્ટીમેન્ટ તેમજ સર્વેની કામગીરી કરવા માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી તેમજ આજની બેઠકમાં જીગ્નેશભાઈ પટેલ તથા બાબુભાઈ મોરંગી તથા પ્રભાતભાઈ જોશી તથા અજયભાઈ તથા તથા બચુભાઈ ચૌહાણ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

---

### જાહેર નોટીસ - કહયામાં નથી



આથી અમો નીચે સહી કરનાર નિલેશભાઇ સુર્યકાંતભાઇ મહેતા રહે. સલડી, તા.લીલીયા, જી.અમરેલીવાળા આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા તેમજ કુટુંબીજનો તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે,

ઉપરોક્ત ફોટાવાળા વ્યક્તિ નામે દિવ્યેશ નિલેશભાઇ મહેતા જેઓ અમોનો પુત્ર થતો હોય અને ઘણા સમયથી અમારા કહયામાં ન હોય અને અમારા પુત્ર દિવ્યેશભાઇ ને અમારી મિલ્કતમાંથી કોઇપણ જાતનો હક્ક - હિસ્સો આપવાના ન હોય તેમજ દિવ્યેશભાઇ એટલે કે ફોટાવાળી વ્યક્તિ સાથે અમોના પરિવારને આર્થિક અને સામાજીક સબંધ રહેલ નથી અને અમોના પુત્ર દિવ્યેશભાઇ હાલ ક્યાં રહે છે કે તેની સાથે કોઇ કોન્ટેક્ટ પણ અમોને રહેલ નથી તેમજ અમોના પુત્ર દિવ્યેશ સાથે કોઇપણ જાતની લેતી - દેતી કોઇપણ વ્યક્તિ કે કુટુંબીજનો કે પેઢી કે સંસ્થા કે બેંક અન્ય કોઇ ખાનગી વ્યવહાર કરશો તો તેની જવાબદારી મારી કે અમોના પરિવારની રહેશે નહી તે તમામ જવાબદારી ફોટાવાળા ઇસમની રહેશે.

તારીખ : ૦૫-૦૮-૨૦૨૪
સ્થળ : અમરેલી

લી. નિલેશભાઇ સુર્યકાંતભાઇ મહેતા

---

### શ્રી ઠવી સેવા સહકારી મંડળી લી. (વહીવટ) ના સભાસદો જોગ જાહેર નોટીસ

આથી અમો શ્રી ઠવી સેવા સહકારી મંડળી લી. ના વહીવટદાર વતી શ્રી ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેંક લી. ના શેલણા શાખાના બ્રાન્ચ મેનેજરશ્રી (વહીવટદાર) મંડળીના તમામ સભાસદોને જાહેર નોટીસથી જણાવીએ છીએ કે, તા.૨૭-૦૭-૨૦૨૪ ના રોજ યોગેશગીરી ગૌસ્વામીએ મંડળીની વ્યવસ્થાપક કમિટી વતી આપેલ જાહેર જાણ માટેની નોટીસમાં બેંકે આપેલ સભાસદોની યાદી મનઘડત છે તથા સભાસદોને ગેરમાર્ગે દોરનારી છે તેવુ જણાવેલ છે. હકીકતે બેંકે આપેલ જાહેર નોટીસમાં મંડળીના તા.૩૧-૩-૨૨ ના ઓડીટેડ સરવૈયામાં દર્શાવેલ યાદી પ્રસિધ્ધ કરેલ હતી. તેમજ માન.શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, અમરેલીના સહકારી કાયદાની કલમ-૮૧ નીચેની જોગવાઇઓ મુજબ તા.૧૮-૦૪-૨૦૨૩ ના હુકમ ક્રમાંક વહટ/ટ/૧૨૨ થી ૧૩૮/૨૦૨૩ થી કરેલ વહીવટનો આદેશ કરી વહીવટદાર તરીકે ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેંક લી. ની વહીવટદાર તરીકે નિમણુંક કરેલ છે. જે સામે મંડળીના કાર્યવાહકોએ ચાર્જ નહી સોંપતા બેંકે તા.૨૫-૦૪-૨૦૨૪ ના રોજ વહીવટદાર તરીકેનો એક તરફી ચાર્જ સંભાળી લઇ શ્રી ઠવી સેવા સહકારી મંડળીના તમામ વહીવટ વ્યવહાર બેંક હસ્તક હોય મંડળીના તમામ લાગતા વળગતા સભાસદોને તા.૨૭-૦૭-૨૦૨૪ ના ''અવધ ન્યુઝ'' દૈનિકમાં જાહેર નોટીસથી જાણ કરેલ હતી. આથી આવી ભ્રામક જાહેરાતને ધ્યાને ન લેતા મંડળી અંગેના તમામ આર્થિક વ્યવહારો બેંક સાથે જ કરવાના રહે છે. તેમ છતા જો કોઇ સભાસદ મંડળી સાથે વ્યવહાર કરશે તો તે અંગેની તમામ જવાબદારી તેની અંગત રહેશે જેની નોંધ લેશો.

એન.જે.ખુમાણ
બ્રાન્ચ મેનેજર અને વહીવટદાર
શ્રી ઠવી સેવા સહ.મં.લી. (વહીવટ) વતી,
ભાવનગર ડિ.કો.ઓપ.બેંક લી.,
શેલણા શાખા












AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૬-૦૮-૨૦૨૪ મંગળવાર

# સુભાંશુ નાસાના મિશનમાં સ્પેસમાં જનારા પાંચમા ભારતીય યાત્રી હશે

ભારતની સ્પેસ રીસર્ચ એજન્સી ઈસરો અને અમેરિકાની એજન્સી નાસા સાથે મળીને આ વર્ષના ઓક્ટોબરમાં સ્પેસ મિશન હાથ ધરવાનાં છે. એક્સિઓમ-૪ મિશન માટે ભારતમાંથી કોની પસંદગી થાય છે તેના પર સૌની નજર હતી ને અંતે ગ્રુપ સુભાંશુ શુક્લાનું નામ જાહેર થયું છે. ઈસરો-નાસાનું મિશન નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે આગળ વધશે તો સુભાંશું શુકલા રાકેશ શર્મા પછી અવકાશમાં જનારા બીજા ભારતીય બની જશે. રાકેશ શર્મા લગભગ ચાલીસ વર્ષ પહેલા ૧૯૮૪માં રશિયાના સ્પેસ મિશનના ભાગરૂપે અવકાશમાં ગયા હતા. રાકેશ શર્મા ૧૯૮૪માં સોવિયેત સ્પેસ યાનમાં બેસીને સ્પેસ મિશન ગયા ત્યારે ઈન્ડિયન એરકફોર્સમાં વિંગ કમાન્ડર હતા.

હવે 'પ્રાઈમ એસ્ટ્રોનોટ' તરીકે ગ્રૂપ કેપ્ટન સુભાંશુ શુક્લાની પસંદગી થતાં શુકલા પણ ઈતિહાસ રચી શકશે. ભારત તરફથી આ મિશનમાં અવકાશમાં જવા માટે ૩૯ વર્ષના સુભાંશુ શુકલા અને ૪૮ વર્ષના ગ્રૂપ કેપ્ટન પ્રશાંત બાલક્રિષ્નન નાયર વચ્ચે સ્પર્ધા હતી. તેમાંથી અંતે શુકલા પર કળશ છે. એક્સિઓમ-૪ નાસા અને ખાનગી સ્પેસ કંપની એક્સિઓમ સ્પેસનું ચોથું મિશન છે. આ મિશનમાં એક ભારતીય ઉપરાંત પોલેન્ડ, હંગેરી અને અમેરિકાના એક-એક મળીને ચાર અવકાશયાત્રી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની યાત્રા કરશે.'

'ઈસરો ટૂંક સમયમાં ભારતનું પહેલું માનવયુક્ત અવકાશ મિશન એટલે કે મેન્ડ સ્પેસ મિશન ગગનયાન લોંચ કરવાનું છે. ગગનયાન આવતા અવકાશમાં જઈ શકે છે. ગગનયાન માટે પસંદ કરાયેલા ઈન્ડિયન એરફોર્સના ચાર અધિકારીઓમાં સુભાંશુ શુક્લા અને પ્રશાંત બાલકૃષ્ણન નાયર પણ છે. આ ચારેયે ગગનયાન મિશન માટે સખત તાલીમ લીધી છે તેથી ચારમાંથી કોઈ એકની પસંદગી કરવાની હતી ને અંતિમ સ્પર્ધા શુકલા તથા નાયર વચ્ચે હતી.

હવે સુભાંશુ શુક્લા કોઈ કારણસર ના જઈ શકે તો પ્રશાંત બાલકૃષ્ણન નાયર એક્સિઓમ-૪ મિશન હેઠળ અવકાશમાં જશે. સ્પેસ યાનમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન માટે કાર્ગો અને બીજો પુરવઠો પણ લઈ જવાનો છે. નાસાએ કહ્યું છે કે, આ મિશન ઓક્ટોબર ૨૦૨૪ પહેલા નિર્ધારિત નથી. પોલેન્ડની સ્પેસ એજન્સી પોલ્સાનો દાવો છે કે, આ મિશન આવતા વર્ષે હાથ અલબત્ત તેનાથી બહુ ફરક પડતો નથી કેમ કે મિશન ગમે ત્યારે રવાના થાય, ભારતનો અવકાશ યાત્રી જશે એ નક્કી છે.''ભારત માટે આ મિશન બહુ મહત્ત્વનું છે કેમ કે હવે પછી ભારત પોતાનું મેન્ડ સ્પેસ મિશન હાથ ધરવાનું છે. આ મિશનની તૈયારીએ પૂરજોશમાં ચાલી રહી છે પણ ભારતને પોતાના મિશનનો કોઈ અનુભવ નથી. રાકેશ શર્મા અવકાશમાં ગયા એ વાતને ૪૦ વર્ષ થઈ ગયાં ને ૪૦ વર્ષમાં ઘણુ બધું બદલાઈ ગયું છે. સ્પેસ મિશન પહેલાં કરતાં વધારે ખતરનાક બન્યાં છે. હમણાં સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર સ્પેસ સ્ટેશનમાં ફસાઈ જ ગયાં છે એ જોતાં ભારતના સ્પેસ મિશનમાં કોઈ અનુભવી હાજરી જરૂરી હતી. સુભાશું શુકલા નાસા-ઈસરોના સ્પેસ મિશનમાં જઈ આવે પછી એ ભૂમિકા ભજવી શકશે.

શુકલા સ્પેસ મિશન પર જશે તો અમેરિકાના સ્પેસ મિશનનો ભાગ બનીને અવકાશમાં જનારા આંગળીને વેઢે ગણાય એવા મૂળ ભારતીયોમાં તેમનું નામ લખાઈ જશે. અત્યાર સુધીમાં કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, રાજા ચારી અને શિરિષા બાંદલા ચાર ભારતીય મૂળની વ્યક્તિ અમેરિકાના સ્પેસ મિશનમાં સામેલ થઈને અવકાશમાં ગઈ છે. કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, રાજા ચારી નાસાના મિશનમાં સ્પેસમાં ગયાં જ્યારે શિરિષા બાંદલા વર્જિન સ્પેસ મિશનનમાં અવકાશમાં ગયાં. આ પૈકી કલ્પના ચાવલા અને શિરિષા બાંદલા ભારતમાં જન્મેલાં છે. ભારતના એકમાત્ર અવકાશ યાત્રી રાકેશ શર્મા છે કે રશિયન સ્પેસ મિશનમાં અવકાશમાં ગયા હતા.'

'કલ્પના ચાવલા અવકાશમાં મુસાફરી કરનાર ભારતીય મૂળનાં પ્રથમ મહિલા એરોનોટિકલ એન્જિનિયર હતાં. હરિયાણાના કરનાલમાં જન્મેલાં કલ્પના ચાવલા બે વાર અવકાશયાત્રાએ ગયાં હતાં. ડિસેમ્બર ૧૯૯૪માં કલ્પનાની અવકાશયાત્રી તરીકે અવકાશ મિશન માટે પસંદગી કરાઈ હતી. કલ્પના ચાવલાએ ૧૯ નવેમ્બરથી ૫ ડિસેમ્બર ૧૯૯૭ દરમિયાન પોતાની પ્રથમ યાત્રા કરી ત્યારે માત્ર ૩૫ વર્ષનાં હતાં. કલ્પના ચાવલા ૧૬ દિવસ સુધી અવકાશમાં રહ્યાં હતાં .

૧૬ જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ કલ્પના ચાવલા બીજી વાર અવકાશ યાત્રા માટે રવાના થયાં. કલ્પના ચાવલા અવકાશ યાત્રા પરથી પાછાં ફરી રહ્યાં હતાં અને સ્પેસક્રાફ્ટ કોલંબિયા શટલ જઝજ -૧૦૭ પૃથ્વીથી લગભગ ૨ લાખ ઉંચાઈ પર હતું ત્યારે જ તૂટી પડતાં કલ્પના ચાવલા સહિત બધા અંતરિક્ષયાત્રીઓના નિધન થઈ ગયાં. કલ્પના ચાવલા એ વખતે માત્ર ૪૧ વર્ષનાં હતાં. શિરિષા બાંદલા પણ ભારતનાં જન્મેલાં અવકાશયાત્રી છે પણ તેમણે સ્પેસ વોક નથી કર્યું. શિરિષા વર્જિન ગેલેક્ટિકના રિચર્ડ બ્રેનસન સાથે ૨૦૨૧માં સ્પેસપ્લેન 'વર્જિન વીએસએસ યુનિટી' દ્વારા અંતરિક્ષની પર ગયાં હતા અને લગભગ સવા કલાકમાં પોતાની યાત્રા પૂરી કરીને તેઓ પાછા આવ્યાં હતાં. બ્રેનસનના સ્પેસક્રાફ્ટે ૧૧ જુલાઈ, ૨૦૨૧ના રોજ ન્યૂ મેક્સિકોના દક્ષિણમાં આવેલા રણથી અંતરિક્ષમાં જવા માટે ઉડાન ભરી હતી. ભારતીય સમયાનુસાર આ યાત્રા રાત્રે આઠ વાગ્યે શરૂ થઈ અને લગભગ સવા કલાક બાદ રાત્રિના ૯.૧૨ મિનિટે પર પાછા ફર્યા. શિરીષા બાંદલા મૂળે આંધ્ર પ્રદેશના ગુંટુર જિલ્લાનાં છે અને અમેરિકામાં સ્થાયી થયાં છે. કલ્પના ચાવલા અને સુનીતા વિલિયમ્સ બાદ તેઓ અવકાશયાત્રા કરનારાં ત્રીજાં ભારતીય મહિલા બન્યાં. શિરીષા બાંદલાનો જન્મ ભારતમાં થયો છે. તેઓ ચાર વર્ષનાં હતાં, ત્યારે માતાપિતા સાથે અમેરિકા ગયાં હતાં. શિરીષાના પિતા ડો. બાંદલા વ્યવસાયે વૈજ્ઞાનિક છે અને અમેરિકન સરકારમાં સિનિયર ક્ઝિક્યૂટિવ સર્વિસના સભ્ય છે. ૨૦૧૫માં શિરીષા વર્જિન ગેલેક્ટિકમાં જોડાયાં અને હાલમાં કંપનીના વાઈસ પ્રેસિડેન્ટ છે.

નાસાના મિશનમાં અવકાશ યાત્રા પર જનારા બીજા એક ભારતીય રાજા ચારી છે. રાજા ચારી ૨૦૨૧ના નવેમ્બરમાં અવકાશ યાત્રા પર ગયા હતા. અમેરિકાની નાસાએ સ્પેસ સ્ટેશન, ચંદ્ર અને ગ્રહ એમ ત્રણ સ્પેસ મિશન માટે મૂળ ભારતના અમેરિકી એસ્ટ્રોનોટ રાજા જોન વુરપુત્તુર ચારીની પસંદગી ૨૦૧૭માં કરી હતી. રાજા ચારી અમેરિકન એરફોર્સના કર્નલ હતા અને -૩૫ ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ ફોર્સના ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. ૨૦૧૭ના ઓગસ્ટ મહિનામાં રાજા ચારી મિશનમાં જોડાયા અને ૨ વર્ષની ટ્રેનિંગ પૂરી કરીને ૨૦૨૧માં પર ગયા હતા. સુભાંશુ શુકલાનું નામ આ યાદીમાં જોડાવાનું છે ત્યારે શુકલાની યાત્રા સફળ રહે એવી શુભેચ્છા પાઠવીએ.

# અમરેલીના ચિતલ ગામે સોલાર પ્લાન્ટનો કેબલ વાયર ચોરાયો

## કેબલ કાપતી વખતે ખેંચતા પેનલ અને ઇન્વેટરોમાં પણ રૂપિયા ૩૫ લાખનું નુકશાન કર્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી તાલુકાના ચિતલ ગામે બાબરા રોડ ઉપર આવેલ મિલન કોટેક્ષ જીનની પાછળ આવેલ સોલાર પ્લાન્ટમાં કોઈ શખ્સે તા. ૩૦-૭-૨૪થી તા.૩૧-૭-૨૪ના સવારના ૮ વાગ્યા સુધીમાં કોઈ પણ સમયે ચિરાગભાઈ લાલજીભાઈ દેસાઈના સોલાર પ્લાન્ટમાં પાછળ થી જેન્તીભાઈ દેસાઈની વાડીના શેઢા પાસેથી ફેન્સીંગ કાપી ગેરકાયદેસર પ્રવેશ કરી સોલાર પ્લાન્ટના ૬ ઈન્વેટર જે સોલાર પ્લેટમાંથી ઈન્વેટરમાંથી ચાલતા પાવર કેબલો તથા ઈન્વેટરોમાંથી મેઈન લાઈનનો પાવર સપ્લાય થાય તે કેબલો તેમજ પેનલ સુધીના તમામ કેબલો કોઈ ધારદાર હથિયારથી કાંપી નાના મોટા ટુકડાઓ કરી નાખી અને આ કેબલના કટકા પેનલોમા તેમજ ઈન્વટરમાં રહેવા દઈ અને કેબલો કાપતી વખતે ખેચેલ હોય તેથી પેનલોમાં પણ અને ઈન્વેટરોમાં પણ આશરે રૂ. ૩૫,૦૦,૦૦૦નું નુકશાન કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બાબરામાં જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા

## પોલીસે જુગારના પટ્ટમાંથી રૂા. ૬૪૩૦નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)બાબરા ખાખરીયાચોરાપાસેજાહેરમાંહારજીતનો જુગાર રમતાં હનીફ યુનુસભાઈ મેતર, રાજુ ભીખાભાઈ મારૂ, અરમાન સલીમભાઈ મેતર, અલ્લારખ કાશમભાઈ મેતરને પો.કોન્સ. હસમુખભાઈ ચૌહાણે રોકડ રૂા. ૬૪૩૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

## સાવરકુંડલા અને લીલીયામાં ટ્રાફિકને અડચણરૂપ બે સામે ગુનો નોંધાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)સાવરકુંડલા નાવલી નદી પાસે રાહુલ જીવાભાઈ નગવાડીયા કપડાના પાથરણા જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે મળી આવતાં તેમજ લીલીયાના વડવાળા ચોક પાસે પરેશ ભગવાનભાઈ જોગરાણા પોતાનું બાઈક જી જે ૧૪ એએસ ૩૭૧૨ ટ્રાફિકને અડચણ રૂપ થાય તે રીતે મળી આવી ગુનો કરતાં પોલીસે ગુનોં નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## ગ્રહોની ચાલ


રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૬.૮.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ શ્રાવણ સુદ બીજ, મઘા નક્ષત્ર , પરિઘ યોગ, કૌલવ કરણ આજે બપોરે ૩.૨૧ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : ભાગ્ય ની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.
વૃષભ (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે,અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો,દિવસ મધ્યમ રહે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો,દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
કર્ક (ડ,હ) : શત્રુઓ થી સાવધાન રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે,અંગત લોકોમાં મતભેદ રહી શકે .
સિંહ (મ,ટ) : સંતાન અંગે સારું રહે,અંગત સંબંધો સુધારી શકો,મનની વાત વ્યક્ત કરી શકો,શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.
તુલા (ર,ત) : નોકરિયાતવર્ગને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નવા કાર્ય માં લાભ મેળવી શકો.
વૃશ્ચિક (ન,ય) : આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): મિત્રોની મદદ મળી રહે,કામકાજ માં સફળતા મળે,દિવસ પ્રગતિકારક રહે.
મકર (ખ,જ) : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી,બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું,વધુ વિશ્વાસે ના ચાલવું.
કુંભ (ગ,સ,શ ) :સગા સ્નેહી મિત્રો થી સારું રહે,કાર્ય માં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.
મીન (દ,ચ,ઝ,થ): નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો,આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

યમરાજાએ ડેરા તંબુ તાણ્યા હોય તેમ

# અમરેલી જિલ્લામાં કમોતના વધુ પાંચ બનાવો

## ટીંબીમાં યુવાનનું અને માંડણમાં પરિણીતાનું ગળાફાંસો ખાતાં, રાભડામાં સગીરાનું ઝેરી દવા પી જતાં, પ્રતાપપરામાં પ્રૌઢનું અગમ્ય કારણોસર, નાગેશ્રીમાં સેન્ટિંગની પ્લેટ પડતાં યુવાનનું મોત

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં યમરાજાએ ડેરા તંબુ તાણ્યા હોય તેમ વધુ કમોતના પાંચ બનાવો પોલીસમાં જાહેર થયાં હતાં. જેમાં જાફરાબાદના ટીંબીમાં યુવાનનું અને રાજુલાના માંડણમાં પરિણીતાનું ગળાફાંસો ખાતાં, રાભડામાં સગીરાનું ઝેરી દવા પી જતાં, પ્રતાપપરામાં પ્રૌઢનું અગમ્ય કારણોસર, જાફરાબાદના નાગેશ્રીમાં સેન્ટિંગની પ્લેટ પડતાં યુવાનનું મોત નિપજયું હતું.

રાજુલા તાલુકાના માંડણ ગામે મનિષાબેન અરવિંદભાઈ રાઠોડ ઉ.વ.૨૩ ને છેલ્લા એક વર્ષની માનસિક બિમારીની દવા લેતા હોય તેથી બિમારીથી કંટાળી જઈ પોતાની મેળે ઘરે ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું પતિ અરવિંદભાઈ રાઠોડે ડુંગર પોલીસ મથકમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં દામનગરના રાભડા ગામની સીમમાં વાલજીભાઈ પટેલની વાડીએ કોમલબેન અમરસિંહભાઈ પંચાસરાને લાઠી મુકામે તેમના સંબંધિને ત્યાં જવું હોય પરંતુ તેમની માતાએ સંબંધિને ત્યાં જવાની ના પાડેલ અને પોતાની સાથે વાડીએ આવવાનું કહેતાં પોતાને મનમાં લાગી આવતાં વાડીએ પડેલ ઝેરી દવા પી જતાં સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાતા સારવાર દરમિયામ મોત નિપજયાનું પિતા અમરસિંહભાઈ પંચાસરાએ દામનગર પોલીસ મથકમાં જાહેર કરેલ છે. ત્રીજા બનાવમાં અમરેલી તાલુકાના પ્રતાપપરામાં રહેતાં રાજુભાઈ થોભણભાઈ ત્રાડ ઉ.વ.૪૫નું કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે મૃત્યુ પામ્યાનું લખાભાઈ થોભણભાઈ ત્રાડે અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કર્યુ છે. ચોથા બનાવમાં જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે મૌલિકભાઈ ભીખાભાઈ પંડયા ઉ.વ.૧૯ તા. ૩-૮ના રાત્રીના કોઈ પણ સમયે પોતાના ઘરે ઓશરીમાં સાડી હુક સાથે બાંધી કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું જુનેદભાઈ કાસમભાઈ સરવૈયાએ નાગેશ્રી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે પાંચમાં બનાવમાં ખાંભા તાલુકાના મોટા બારમણ ગામના ખીમજીભાઈ હરીભાઈ પરમાર ઉ.વ.૩૨એ નાગેશ્રી ગામે યોગેશભાઈ મંગાભાઈ ડોડીયાના ઘરે સેન્ટીંગ કામે મજુરીએ ગયેલ ત્યાં મકાનના બીજા માળે દિવાલ ઉપર લોખંડની પ્લેટો ખોલતાં હોય તે દરમિયાન દિવાલ ઉપરથી નીચે પડતાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન મોત નિપજયાનું પિતા હરિભાઈ હામાભાઈ પરમારે નાગેશ્રી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# ધારીના સરસીયામાં પરિણીતાએ ફિનાઇલ પીધું

## ઉનાના મોઠા ગામે નાની દિકરીને મળવા ન દેતાં પગલું ભર્યું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

ધારી તાલુકાના સરસીયા ગામે રહેતી પારૂલબને પ્રવિણભાઈ સોંદરવા તા.૨-૮ના પોતાની અઢી વર્ષની દિકરી વિહાના ઉના તાલુકાના મોઠા ગામે હોય તેને લેવા માટે ભોગ બનનાર ગયેલ ત્યારે દિકરીને મળવા દિધેલ ન હોય જેથી પોતાને મનમાં વિચાર આવતાં ફિનાઈલ પી ગયેલ.

# બાબપુરથી જાળીયા રોડ પર સનેડો ટ્રેક્ટરે બ્રેક મારતાં બાઇક ઘુસી ગયું

## બાઇક ચાલકને ઇજા, પાછળ બેઠલ બેનને ગંભીર ઇજા થતાં સારવારમાં મોત

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)અમરેલી તાલુકાના બાબપુરથી જાળીયા રોડ નાગવાડી પાસે વિવેક મુકેશભાઈ ચાવડા તથા બેન સુનિતાબેન હિરેનભાઈ ચૌહાણ બાઈક લઈને જતાં હતાં ત્યારે તા. ૨-૮ના સાંજના સામેથી આવતા વાહનને ફુટ લાઈટ કરતાં સનેડો ટ્રેકટરના ચાલક મોટા ભંડારીયાના ઘનશ્યામભાઈ રમણીક ભાઈ સોજીત્રા લાઈટમાં અંજાઈ જતાં સનેડો ટ્રેકટરને બ્રેક મારતાં ટ્રોલીમાં બાઈક ઘુસી જતાં વિવેકભાઈને મોઢા તથા હોઠના ભાગે અને માથામાં ઈજા થયેલ અને સુનિતાબેનને માથામાં ગંભીર ઈજા થતાં દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજાવ્યાની હિરેનભાઈ પ્રેમજી ભાઈ ચૌહાણ રહે. મહુવાવાળાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં ત્રણ ટ્રક અને એક બાઇક પુર ઝડપે ચલાવતાં ગુનો નોંધાયો

## અમરેલી રૂરલ અને સાવરકુંડલા શહેરમાં અલગ અલગ ફરિયાદ દાખલ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના કુંકાવાવ રોડ જગુપુલ પાસે હબીબ અબ્રાહમભાઈ સૈયદ ટ્રક નં.જી જે ૧૪ એકસ ૭૦૬૮ તથા વીરા ભાણાભાઈ મકવાણાએ પોતાનો ટ્રક જી જે ૨૩ વી ૦૨૨૭ તેમજ અબ્દુલ કરીમ ઈબ્રાહીમભાઈ સમાએ ટ્રક નં. જી જે ૧૪ એકસ ૯૦૩૫ તથા સાવરકુંડલા મહુવા રોડ રેલ્વે ફાટક પાસે સમીર રૂસ્તમભાઈ ચૌહાણે પોતાનું બાઈક પુર ઝડપે અને ગફલતભરી રીતે બેફિકરાઈથી માણસોની જીંદગી જોખમાય તેરીતે મળી આવી ગુનો કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગટરના પાણી પ્રશ્ને સમજાવવા જતાં સારૂ નહીં લાગતાં

# જાફરાબાદમાં બે પાડોશી બાખડયા

## લાકડાના થડીયા અને ઢીકપાટુ, પાઇપ વડે મારમાર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

જાફરાબાદ મફત પ્લોટમાં ખાલીદભાઈ અબુભાઈ થૈયમ ઉ.વ.૧૯ ઈકુ ભરચ તથા સોહિલ ભરચના ગટરના પાણી પ્રશ્ને સમજાવવા જતાં સારૂ નહીં લાગતા બન્ને આરોપીએ ગાળો બોલી ઢીકાપાટુ વડે મુંઢમારમારી સોહિલે લાકડાના થડીયા વડે મારમારી એકબીજાએ મદદગારી કર્યાની જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે ઈકબાલભાઈ અબુભાઈ ભરચને શકિલ સિદુભાઈ, ખાલીદ તથા આશિર થૈયમે ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢ મારમારી ખાલીદે પાઈપ વડે મારમારી મકાનનું તથા બાઈકનો કાચ તોડી નુકશાન કરી એકબીજાએ મદદગારી કર્યાની જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બાબરા નજીક દેવળીયામાં પતિ પત્ની સાસરીયે મળવા જતાં પતિ ઉપર હુમલો

## સાસરીયાઓએ પાઇપ છરી અને ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપ્યાની પોલીસ મથકમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે બાબરાના નિલેષભાઈ સોમાભાઈ બગડાના લગ્ન મુળજી સુરેશભાઈ દિકરી જયાબેન સાથે થયેલ હોય અને બન્ને પતિ પત્નિ પિયર મળવા જતાં મુળજીએ ગાળો બોલી કાળુ સોમાભાઈ અને સુરેશે પાઈપ અને છરી વડે તેમજ ઢીકાપાટુ વડે મુંઢ મારમારી નાજા અમરાભાઈએ મારી નાખવાની ધમકી આપ્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં વૃધ્ધનો મોબાઇલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)સાવરકુંડલામાં રહેતાં ચંદ્રકાંતભાઈ સુંદરજીભાઈ ભરખડાનો મોબાઈલ નોકીયા કંપનીનો રૂા. ૮૦૯૯ની કિંમતનો કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં બે વાહનચાલકો સહિત ૧૫ નસેડીઓ ઝડપાઇ ગયા

## પોલીસે ૧૫ શખ્સોને રાજાપાઠમાં ઝડપી લઇ જેલની હવા ખવડાવી

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં બે વાહનચાલકો સહિત ૧૫ શખ્સોને રાજાપાઠામાં ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં સાવરકુંડલા, જાફરાબાદ, અમરેલી રૂરલ, ખાંભા, અમરેલી સિટી, લીલીયા અને ચલાલા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# ધારીના મોણવેલમાં પત્નિએ ઝઘડો કરતાં પતિએ ફિનાઇલ પી લીધું

## સારવાર માટે ધારી સિવીલ હોસ્પિટલમાં ખસેડાયો

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

ધારી તાલુકાના મોણવેલ ગામે રહેતાં વિનોદભાઈ પાલાભાઈ વાળા ઉ.વ.૨૮ને તેના પત્નિ સાથે અવાર નવાર ઝઘડો થતો હોય. તા.૪-૮ના સાંજના કામ પરથી ઘરે આવેલ અને વાળુ પાણી કરેલ અને પોતાને પત્નીને કહેલ કે તું આ કરે છે. એ બધુ ખોટુ છે તું સુધરી જા જેથી પત્નીએ તેની સાથે ઝઘડો કરતાં પોતાના મનમાં લાગી આવતાં ફિનાઈલ પી જતાં ધારી સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ છે.

## લીલીયામાં રોમિયોગીરી કરતાં એક શખ્સ ઝડપાયો

અમરેલી, લીલીયામાં વડવાળા ચોકથી લાઠી રોડ પર વિઠલ મધુભાઈ રાણપરીયા જાહેરમાં અવર જવર કરતી મહિલાઓ સામે સિટી વગાડી ચેઈન ચાળા કરી રોમિયોગીરી કરી ઈશરા કરતાં પો.કોન્સ. સંજયભાઈ ઈટાળીયાએ ઝડપી પાડયો હતો.

# ટીંબીમાં પાંચ બોટલ ઇંગ્લીશ દારૂ સાથે ઝડપાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે ભરત કનુભાઈ બારૈયાને તેમના મકાનમાં પાંચ બોટર ઈંગ્લીશ દારૂ રૂા. ૧૦૦૦ના મુદામાલ સાથે લોકરક્ષક મનિષભાઈ દિહોરાએ ઝડપી પાડયો હતો.

# રાજુલામાં બે શખ્સોને શંકમંદ હાલતમાં પોલીસે ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)રાજુલામાં કરણ ઉર્ફે અકીડો વિનુભાઈ સોલંકી તથા કિશન નાથાભાઈ સોલંકીને મોડી રાત્રીના અંધરામાં મિલ્કત વિરોધી ગુનો કરવાના ઈરાદે રખડતા ભટકતાં શંકમંદ હાલતમાં પોલીસે ઝડપી પાડયા હતાં.

# અમરેલી બસ સ્ટેન્ડમાં યુવતીની છેડતી થતા ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઇન ટીમ દોડી ગઇ

## યુવતિ પાસે માફી માંગી લેતાં અને ખાત્રી મળતાં કાર્યવાહી ટાળી

અમરેલી, તારીખ ૩૧/૦૭/૨૦૨૪ ના રોજ યુવતી નો અભયમ મહિલા હેલ્પ લાઈન પર કોલ કરી જણાવાયું કે બસ સ્ટેન્ડ મા કોઈ છોકરો મને હેરાન કરે છે તેથી મદદ ની જરૂર છે .૧૮૧ પર કોલ મળતા તરત જ અભયમ ટીમ તેમની મદદ માટે રવાના થયેલ.એસ. ટી. બસ સ્ટેન્ડ એ પહોંચી અને યુવતી સાથે વાત કરતા જાણવા મળ્યું કે છેલ્લાં ૬ મહિના થી એક શખ્સ તેમને હેરાન કરે છે. બસ સ્ટેન્ડ મા તેમની પાછળ પાછળ ફર્યા કરે છે તથા યુવતી ની બસ મા જઈને હેરાન કરનાર વ્યક્તિ પોતાનાં મિત્રો પાસેથી વારંવાર યુવતી નાં નંબર મેળવવાં નાં પ્રયાસો કરે છે તથા યુવતી નું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ જાણી વારંવાર તેને અલગ અલગ આઈ ડી પર થી મેસેજ કાર્ય કરે છે, આ વાત ની જાણ થતા યુવતી એ વ્યકિત ને સમજાવ્યો પરંતુ તે વ્યક્તિ માન્યો નહિ છેવટે યુવતી એ અભયમ માં કોલ કરી મદદ માટે કહેલ, અભયમ ટીમ દ્વારા તે વ્યક્તિ ને સમજાવવામાં આવ્યો તેનું કાઉન્સિલ કરવામાં આવ્યુ અને એ વ્યક્તિ એ પોતાની ભુલ સ્વીકારી અને યુવતી પાસે માફી માંગી અને ફરી ક્યારેય તે આવી ભૂલ નહિ કરે તેની ખાત્રી આપી તેથી યુવતીએ હાલ આગળ કાર્યવાહી કરવાનું ટાળ્યું અને યુવકને સુધારવાનો એક મોકો આપેલ.યુવતી ની સમસ્યા નું સમાધાન થતાં તેને અભયમ ટીમ નો આભાર વ્યક્ત કર્યો તથા યુવતી ને હેરાન કરનાર યુવકે પોતાની ભૂલ નુ ભાન કરાવવા માટે અભયમ ટીમ નો આભાર વ્યકત કર્યો.

## અવસાન નોંધ

રાજુલા

રાજુલામાં પરજીયા પટ્ટણી સોની ચીમનલાલ જીવાભાઈ જગડા ઉ.વ.૭૫ તે કેતન તથા નીલમ નીલેશકુમાર થડેશ્વરના પીતાશ્રી, નીરૂબેન નટવરલાલ જીણાદરા, સ્વ.કાંતીભાઈ તથા હરેશભાઈ જગડાના મોટા ભાઈ તે ધીરૂભાઈ હરીભાઈ સાગર જેસર વાળાના જમાઈ નું તા.૪ ના રોજ બાપાસરણ થયેલ છે. સદગતનું બેસણુ તા.૮-૮-૨૪ ગુરુવારે બપોરે ૪ થી ૬ ઔદિચ્ય સીંબડ જ્ઞાતીની વાડી બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર બાજુમાં બ્રાહ્મણ સોસાયટી રાજુલા ખાતે રાખેલ છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૦૦ થી ૧૫૪૯ મગફળી ૧૦૪૪ થી ૧૨૦૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૭૫-૧૧૯૦
શિંગમોટી-૧૦૪૪-૧૨૦૧
મગ-૧૪૧૧-૧૬૦૯
તલસફેદ-૧૮૦૦-૨૫૭૦
તલકાળા-૨૯૦૦-૩૫૧૫
એરંડા-૧૧૪૮-૧૧૪૮
ઘઉંટુકડા-૪૯૦-૬૦૦
ઘઉંલોકવન-૪૯૧-૫૬૯
બાજરો-૪૨૧-૪૮૬
ચણા-૧૧૦૦-૧૩૩૧
કપાસ-૯૦૦-૧૫૪૯
જુવાર-૩૯૯-૭૬૫
જીરૂ-૨૮૦૦-૪૭૯૯
ધાણા-૧૨૫૦-૧૨૮૦
સોયાબીન-૬૩૫-૮૨૧
અજમા-૧૩૩૦-૨૪૪૫
રજકાનુંબી-

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૩૦-૫૪૦
રીંગણા-૩૦૦-૮૦૦
ફલાવર-૮૫૦-૯૫૦
કોબીઝ-૫૦૦-૬૦૦
ટમેટાં-૭૦૦-૮૦૦
ફોદીનો-૭૦૦-૯૫૦
ગાજર-૫૦૦-૬૦૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૩૦૦-૪૦૦
ગુવાર-૧૮૦૦-૨૦૫૦
દુધી-૨૨૦-૨૮૦
તુરીયા-૬૦૦-૭૦૦
ભીડો-૮૫૦-૯૫૦
આદુ-૧૨૦૦-૧૪૦૦
કોથમીર-૧૦૦૦-૧૨૦૦
મેથીભાજી-૬૫૦-૭૫૦
ટીંડોરા-૭૫૦-૮૫૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૧૦૦૦-૧૨૦૦
લસણસુકું-૨૦૦૦-૪૦૫૦
લીંબુ-૫૦૦-૭૦૦
પાલક-૫૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૫૦-૫૨૫
જુવાર-૭૦૦-૭૬૧
ઘઉં-૪૫૦-૫૭૦
શીંગદાણા-૧૪૭૦-૧૪૭૦
ચણા-૧૨૦૧-૧૨૦૧
તલસફેદ-૧૫૫૧-૨૪૮૦
મગ-૧૨૦૦-૧૨૦૧
જીરૂ-૪૪૦૧-૪૪૦૧
કપાસ-૧૫૧૧-૧૫૧૫
તુવેર-૧૮૨૫-૧૮૨૫
સોયાબીન-૮૨૫-૮૨૫

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૯૦-૬૧૮
ડુંગળીલાલ-૨૧૧-૬૩૨
મગ-૧૪૦૦-૧૪૦૦
તલસફેદ-૨૧૪૮-૨૫૪૮
ઘઉં-૩૯૦-૬૧૮
અડદ-૧૦૦૦-૧૦૦૦
જીરૂ-૪૩૦૦-૪૩૦૦
નાળીયેર-૨૬૨-૧૭૮૯
તુવેર-
બાજરી-૪૫૦-૫૨૮
જુવાર-૪૮૫-૮૮૮

**બાબરા**
કપાસ-૧૩૫૨-૧૫૨૮
ઘઉં-૪૯૦-૫૧૦
તલસફેદ-૨૨૯૦-૨૩૯૦
જીરૂ-૪૫૯૦-૪૬૨૦
મગફળી-
બાજરો-

**ધારી**
ધાણા-૧૧૭૫-૧૩૧૦
ચણા-૧૧૬૫-૧૩૩૦
જુવાર-૫૫૧-૫૫૧
મગફળી-૯૮૫-૯૮૫
તલ-૨૧૦૨-૨૩૦૦
મગ-૧૨૦૦-૧૨૦૦
તુવેર-૧૬૫૦-૧૬૫૦
શીંગદાણા-૧૨૦૦-૧૬૫૦
ઘઉં-૫૧૫-૫૧૫
સોયાબીન-૮૦૧-૮૦૮

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૭૧-૧૧૮૦
શીંગદાણા-૧૫૦૦-૧૬૦૨
જીરૂ-૪૨૦૦-૪૭૫૦
તલસફેદ-૨૦૫૦-૨૫૪૪
કપાસ-૧૦૦૦-૧૫૫૦
ઘઉંલોકવન-૫૫૦-૫૬૬
મગ-૧૫૪૫-૧૬૩૫
ઘઉંટુકડા-૫૪૬-૫૭૨
ચણા-૧૨૬૦-૧૩૪૦
એરંડી-૯૦૦-૧૧૨૦
જુવાર-૭૦૦
બાજરો-૩૯૯-૫૨૦
ધાણા-૧૦૦૦-૧૨૫૦

**ખાંભા**
કપાસ-
જુવારસફેદ-
અડદ-
તલસફેદ-
ઘઉં-
શીંગદાણા-
સોયાબીન-
જીરૂ-

**બગસરા**
જુવાર-૪૧૫-૪૧૫
કપાસ-૧૦૦૦-૧૩૦૦
ચણા-૧૧૨૫-૧૨૬૫
મકાઈ-૫૨૫-૫૨૫
શીંગદાણા-૧૪૭૫-૧૪૭૫
ઘઉંટુકડા-૪૦૧-૫૩૧
ઘઉંલોકવન-૫૦૦-૫૪૦
ધાણા-૧૨૧૦-૧૨૧૦
તલસફેદ-૧૬૦૦-૧૬૦૦
મગફળી-૭૦૦-૧૧૦૦
સોયાબીન-૬૦૦-૮૦૬
એરંડી-૯૨૫-૯૨૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૧૦૦૦-૧૪૦૦
દાડમ-૫૦૦-૨૨૦૦
મુસંબી-૭૦૦-૧૦૦૦
સંતરા-૧૪૦૦-૨૦૦૦
કીવી-૪૫૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૨૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૫૦
ખારેક-૪૦૦-૯૦૦
કેળા-૨૮૦-૩૯૦
પોપૈયા-૬૦૦-૯૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૬૦૦-૩૮૦૦

## અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૦.૨
ન્યુનતમ તાપમાન ૨૫.૫
ભેજનું પ્રમાણ ૯૨
પવનની ગતિ સરેરાશ ૮.૧

# કેનેડાની મુલાકાતે પુર્વ ધારાસભ્ય શ્રી કાળુભાઈ વિરાણી

## સુરતના જાણિતા ઉદ્યોગપતીશ્રી મહેશભાઈ સવાણી સાથે સાવરકુંડલાના વિરાણી પરિવારે કેનેડાની મહેમાનગતી માણી



અમરેલી, સાવરકુંડલા વિસ્તારના પુર્વ ધારાસભ્ય શ્રી કાળુભાઈ વિરાણીએ કેનેડા ખાતે સુરતના ઉદ્યોગપતી શ્રી મહેશભાઈ સવાણી સાથે કેનેડાની મહેમાનગતી માણી હતી.કાળુભાઈ વિરાણી સાથે અંકુરભાઈ વિરાણી અને હસમુખભાઈ વિરાણી તથા પરીવારજનો સાથે રહ્યા હતા. કેનેડામાં ગુજરાતી પરીવારોએ સ્વાગત કરી આવકાર્યા હતા.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### ઉનામાં બાળકોને ચીજવસ્તુઓનું વિતરણ



ઉના,રાજ્ય સરકાર ના સમાજીક ન્યાય અને અધિકારીતાવિભાગનાસમાજસુરક્ષાપ્રભાગ દ્વારાસંચાલિતસરકારીચિલ્ડ્રનહોમ ફોર ગીર સોમનાથમાંચાઈલ્ડ વેલફેર કમિટીના ચેરમેન અને સભ્યો દ્વારા બાળકો ને જરૂરી ચીજ વસ્તુઓ આપવામાં આવી , તેમાં ચેરમેન જયેશભાઈ પંડયા ના માર્ગદર્શન નીચે તમામ બાળકો ને સભ્ય હિતેશભાઈ દુધાત દ્વારા બુટ ચપ્પલઅનેમોજાઆપવામાંઆવીયાઅનેઅન્ય સભ્યો હરિભાઈ વાળા,રસિકભાઈ ચાવડા અને અમૃતાબેન અખિયાં દ્વારા રેઈન કોટ વિતરણ કરવામાં આવીયા હતા.અહી રક્ષણ અને સંભાળ ની જરૂરિયાત વાળા બાળકો ને રાખવામાં આવે છે અને સરકાર દ્વારા તમામ સુવિધાઓ આપવામાં આવે છે . ત્યારે કમિટી એ આજે આવા બાળકો ને જરુરી વસ્તુઓ આપવામાં આવી હતી.આ તકે સ્ટાફ માં જયેશ વાણવી અને અનિલાબેન આમહેડા તથા સ્ટાફ હજાર રહિયો હતો.કોઈ વ્યકિત સંસ્થા એ બાળકો માટે કોઈ વસ્તુ કે દાન આપવી હોય તો સંસ્થા નો સંપર્ક કરવો અને આવા બાળકો સાથે ખુશી વેચી સારા પ્રસંગ અને જન્મદિવસ ઉજવી શકાય તો આ તકે લોકો અને અધિકારીઓ ને પણ આ બાળકો માટે જે સંભાળ અને રક્ષણ ની જરૂરિયાત વાળા બાળકો છે.તો આ તકે તમામ ને અપીલ છે.

### દક્ષિણ ગુજરાતની નદીઓમાં ઘોડાપુરની સ્થિતિ

વલસાડ,દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા થોડા વધુ મહેરબાન થયા છે ત્યારે દક્ષિણ ગુજરાતની તમામ નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ નિર્માણ થઈ છે. સુરત, તાપી અને ડાંગ જિલ્લાના ડુંગરાળ વિસ્તારમાં વરસેલો વરસાદ સીધો નદીઓમાં આવતા પૂરની સ્થિતિ નિર્માણ થઈ છે. નવસારી જિલ્લામાંથી વહેતી પૂર્ણા અંબિકા અને કાવેરી ત્રણેય નદીઓ બંને કાંઠે વહી રહી છે ભયજનક સપાટી નજીક વહી રહેલી નદીઓના કારણે પૂરની સ્થિતિ નિર્માણ થઈ શકે તેવી શક્યતાઓને પગલે જિલ્લાનું તંત્ર એલર્ટ થઈ ગયું છે. પૂર્ણ નદી કાંઠે વસેલા નવસારી અને કાવેરી અને અંબિકા નદીના કાંઠે વસેલા બીલીમોરા શહેરમાં પૂરની શક્યતાઓ સૌથી વધુ જોવામાં આવી રહી છે જેને લઈને સમગ્ર જિલ્લાનું તંત્ર નદીઓની સપાટી પર નજર રાખી રહ્યું છે.

### જામનગરમાં પૂર્વ ધારાસભ્યની દબંગાઇ

જામનગર,

ફરી એક વાર કોંગ્રેસના નેતા વિવાદ માં આવ્યા છે, જામનગર જિલ્લાની કાલાવડ સરકારી હોસ્પિટલમાં પૂર્વ ધારાસભ્ય પ્રવિણ મુછડિયાની દબંગાઈ સામે આવી છે. જેમાં કોંગ્રેસના નેતા અને પૂર્વ ધારાસભ્યએ રાત્રીના સમયે તબીબ ફરજ પર હાજર ન રહેતા માર માર્યા હોવાની વિગતો સામે આવી છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. કાલાવડ સરકારી હોસ્પિટલમાં રાત્રીના સમયે તબીબ ફરજ પર હાજર ન રહેતા હોવાની અનેક ફરિયાદો સામે આવી હતી. ત્યારે બીજી તરફ રાત્રિના સમયે તબીબ સુઈ જતાના પણ આક્ષેપ કરવામાં આવ્યા હતા. ત્યારે હાજર તબીબ દ્વારા પણ લોકોને ઉડાવ જવાબ મળતાની ફરિયાદ ઉઠતા પૂર્વ ધારાસભ્ય પ્રવીણ મુસડીયા હોસ્પિટલ પહોંચ્યા હતા. અને આ સમગ્ર મામલે ઉશ્કેરાઈ અને હાજર તબીબને માર માર્યો હતો. સીસીટીવીમાં દેખાઈ રહ્યુ છે તે પ્રમાણે, આ સીસીટીવી ફૂટેજ પહેલી ઓગસ્ટના છે અને આ વીડિયો આગની જેમ વાયરલ થઈ રહ્યા છે. ત્યારે જોવાનું રહ્યું કે આ મામલે કોઈ ફરિયાદ થાય છે કે પછી મામલો દબાઈ છે.

### વિજાપુરના ટેચાવામાં પશુ પાલક મગરનો ભોગ બન્યો

મહેસાણા,

હાલ રાજ્ય પર મેઘરાજા મહેરબાન છે, ભારે વરસાદને કારણે હાલ સમગ્ર મહેસાણામાં વરસાદ વરસી રહ્યો છે ત્યારે એક કરુણ ઘટના બની હતી જેમાં વિજાપુરના ટેચાવા ગામ નજીક પશુ ચરાવવા ગયેલો પશુપાલક મગરનો ભોગ બન્યો છે. આ સમગ્ર બનાવની મળતી માહિતી મુજબ પશુપાલક સાબરમતી નદીના કાંઠે પશુ ચરાવવા ગયો હતો ત્યારે બન્યો હતો. જ્યાં નદીમાંથી આવેલા મગરે ભેંસ પર હુમલો કર્યો હતો. પ્રાથમિક જાણકારી અનુસાર ભેંસને બચાવવા ગયેલો પશુપાલકને મગરે પોતાનો શિકાર બનાવ્યો છે. આ પશુપાલકનું નામ બળદેવભાઈ ઠાકોર છે. મગર ભેસને સાબરમતી નદીમાં ખેંચી ગયો હતો જ્યાં તેને બચાવવા જતા મગર પશુપાલકના હાથ અને પગ ખાઈ ગયો હતો. જેના કારણે મગરનો શિકાર બનેલા પશુપાલકનું કરુણ મોત નીપજ્યું હતું.

### ભાવનગરમાં જમીન પ્રશ્ને નારાજગી વ્યકત

અમદાવાદ/ભાવનગર,

ભાવનગરમાં શાળાની ૫૦૦ મીટર નજીક વિંડ મીલ (પવન ચક્કી) માટે જમીન ફાળવવા મામલે હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવી હતી. આ અરજી પર સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ભાવનગરનાં કલેક્ટર સામે નારાજગી વ્યક્ત કરી હતી સાથે જ આ માટે જવાબદાર તમામ અધિકારીઓની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે કહ્યું કે, તમને ખ્યાલ છે કે શાળાનાં ૫૦૦ મીટર સુધી કંઈ કરી ના શકાય તો શા માટે એ જમીન આપવામાં આવી છે ? કોર્ટે આકરા વલણ સાથે કહ્યું કે, અમે અહીંયા સંતાકૂકડી રમવા નથી બેઠા. તમને ખબર હોવી જોઈએ કે કોર્ટમાં રિપોર્ટ કેવી રીતે આપવામાં આવે છે ? તમે તમારી જવાબદારીઓ બીજા પર ઢોળવા માંગો છો ? જે અધિકારીઓ આના માટે જવાબદાર છે તેને અમે નહીં બક્ષીએ.

# જાફરાબાદના વારાહસ્વરૂપ પ્રાથમિક શાળામાં લાઇફ સ્કીલ મેળો યોજાયો

## કિંમતી રાખડીઓ, સુશોભન, પગ લુછણીયા બનાવ્યા



જાફરાબાદ,જાફરાબાદ તાલુકાની શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળામાં લાઈફ સ્કીલ મેળાનું આયોજન કરવામાં આવ્યું જે શિક્ષણ થકી બાળક આત્મ નિર્ભર બને તથા દેશને મદદરૂપ બને એજ સાચું શિક્ષણ. આ વિચારને સાર્થક કરતા શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળા -અમરેલીમાં લાઈફ સ્કીલ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ધોરણ ૩ થી ૫ ના બાળકોએ બજારમાં રૂ.૧૫ થી રૂ. ૨૦ના મૂલ્યની કિંમતવાળી રાખડીઓ તેમનું મટરિયલ લાવીને રૂ. ૨થી પણ ઓછી પડતર કિંમત સાથે ૪૦૦ જેટલી રાખડીઓ બનાવી. આ ઉપરાંત ધોરણ ૬ થી ૮ માં વિવિધ સ્પર્ધાઓ જેમકે વેસ્ટ વસ્તુઓમાંથી સુશોભન તથા જીવન જરૂરી વસ્તુઓ જેવી કે પગ લુસણીયા, વિવિધ તોરણ, જુમર તથા અન્ય સુશોભનની વસ્તુઓ બનાવી હતી. આ ઉપરાંતના વ્યવસાયલક્ષી બાબતો કડિયાકામ, વાહનમાં પંકચર કરવું તથા અન્ય ઘણી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ પ્રવૃત્તિમાં શાળાના સૌ શિક્ષકભાઈઓ બહેનો તથા ધોરણ ૩ થી ૮ બધા જ બાળકો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન લુણસાપુર ક્લસ્ટરના સી.આર.સી. કો. ઓર્ડીનેટર શ્રી ચિરાગભાઈ દેવામુરારી ઉપસ્થિત રહીને બાળકો તથા શિક્ષકોમાં ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમ દરમિયાન બાળકોતથાશિક્ષકોમાંઅનેરોઉત્સાહજોવા મળ્યો હતો.

## ગજેરા કેમ્પ સ્ટાફ સ્ટુડન્ટ અને પેરેન્ટસ માટે

# અમરેલી ગજેરા કેમ્પસમાં મેગા મેડિકલ કેમ્પ યોજાયો

## વિનામુલ્યે કેમ્પમાં તકેદારી બદલ આયોજકોને બિરદાવ્યા



અમરેલી,

આજરોજ તારીખ ૩ ૩ ઓગસ્ટ ૨૦૨૪ને શનિવારના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એક્સેલન્સ અમરેલી ખાતે શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા નિશુલ્ક નિદાન મેગા-મેડિકલ કેમ્પનું આયોજન થયેલ, જેમાં જનરલ મેડિસિન , જનરલ સર્જરી, ચામડીના રોગ, કાન, નાક, ગળા, આંખ, હાડકા, સ્ત્રી રોગ, માનસિક રોગ, બાળ રોગ, એલર્જી, ફેફસા, દાંતની તકલીફ, વગેરે એમ ૧૨ અલગ-અલગ રોગના નિષ્ણાત ડોક્ટરો દ્વારા નિદાન કરવામાં આવ્યું, જેમાં બહોળી સંખ્યામાં સ્ટાફ,સ્ટુડન્ટ્સ અને પેરેન્ટ્સનું નિદાન કરવામાં આવ્યું હતું, તે બદલ વાલીઓ દ્વારા આ કામગીરી માટે અભિનંદન પાઠવી રહયા છે. જેમાં ડો.વિક્રમસિંહ ગોહિલ (ત૧.૫.),ડો.નિશાંત સુવાગીયા(૧૧.૫.), ડો.પૂર્વ પટેલ( ૧.૫.). ડો.સંજયભાઈ ટોટા(૧.૫.), ડો. જૈન લક્ષ્મીધર(૧.૧ઝ.), ડો.રાજભાઈ પટોલિયા(ત%૧.૧ઝ.), ડો.ભાવિનકુમાર કડાવાલા(૧.૧ઝ.), ડો.યોગેશભાઈ દવે(૧૧.૧.), ડો.વૈશાલીબેન કથીરિયા(૧૮.૧ઝ.૫.), ડો.પુજાબેન પંડ્યા(૧.૨.), ડો.દિવ્યાબેન ચાવડા(.૧.૧૨.), ડો.રવિભાઈ ડાભી(,૧.૧૨.) તેમજ તેમની સાથે નર્સસ્ટાફ,લેબોરેટરી ટેક્નિસિયન સ્ટાફ હાજર રહયા હતા. જરૂરી મેડીસીન પણ નિઃશુલ્ક આપવામાં આવેલ, તેમજ જરૂરિયાત જણાયે આગળની સારવાર માટે શાંતાબા જનરલ હોસ્પીટલમાં લઈ જવામાં આવશે. આ કેમ્પ તદન નિઃશુલ્ક કરવામાં આવેલ હતો. સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા દ્વારા અમરેલીમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ખુબ જ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહયા છે.આવી ઉત્કૃષ્ટ કામગીરી બદલ અમરેલીની જનતા દ્વારા અભિનંદન પાઠવી રહયા છે.

## શ્રાવણી સોમવારે ભગવાન શિવની આરાધના

# અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શિવ પુજન કરાયું

## દિપકભાઈ વઘાસીયા, વિલાસબેન વઘાસીયાનું માર્ગદર્શન



અમરેલી,શ્રીજી વિદ્યાર્થી ભુવન-સરસ્વતી વિદ્યાલય અમરેલીના વિદ્યાર્થીઓ દ્વારા ભગવાન શિવની માટીની પ્રતિમા બનાવી સુંદર પુષ્પો તથા બીલીપત્રોથી સુશોભિત કરી, દીપ પ્રગટાવી, ભાવ-ભક્તિથી પૂજન અર્ચન કર્યું હતું.શ્રાવણ માસના પ્રથમ સોમવારથી જ ભગવાન શિવની વિશેષ આરાધના શરૂ થાય છે. વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણ દ્વારા ભગવાન શિવનું પૂજન કરવામાં આવે છે. સંસ્થાના શિક્ષક શ્રી ગુણવંતભાઈએ ભગવાન શિવના પરિવાર તથા તેમનો મહિમા રસાળ શૈલીમાં કહેવાયો હતો. તેમજ ગોંડલીયાભાઈએ શિવનાં ભજન ગાઈને સમગ્ર વાતાવરણને ભક્તિ - ભાવથી ભરી દીધુ હતું.વિદ્યાર્થીઓએ શિવની સ્તુતિ કરી હતી અને દીપ પ્રગટાવી શિવની આરતી કરી હતી.આ સંસ્થામાં વિવિધ તહેવારોની ઉજવણી કરી વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચનનું કાર્ય તથા ભારતીય સંસ્કૃતિના મહાન વારસા, પરંપરાને યાદ કરાવવામાં આવે છે. સંસ્થાના સંચાલકશ્રી દીપકભાઈ વઘાસીયા તેમજ વિલાસબેન વઘાસીયાએ તમામ શિક્ષક મિત્રો તથા વિદ્યાર્થીઓના સુંદર કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન આપ્યા હતા. ખુબ જ ભક્તિમય વાતાવરણથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## શ્રાવણે શિવ દર્શનમ

# સ્વયંભુ પુરાતનશ્રી ગરણેશ્વર મહાદેવ



કોટડાપીઠા (ભરત મહેતા)

કોટડાથી થોરખાણ રોડ પર ગરણી અને પાનસડા ગામ વચ્ચે બે નદીઓને વચ્ચે આવેલ સ્વયંભુ શ્રીગરણેશ્વર મહાદેવનું મંદિર પ્રાકૃતિક સૌદર્ય સાથે ભકતજનોનું મન હરી લ્યે છે .આ સ્વયંભુ શ્રીગરણેશ્વર મહાદેવના પ્રાગટયની કથા એવી છે કે બાબરા તાલુકાના ગરણી અને પાનસડા ગામમાં સોની લુહારની ગાય ગામના ગૌધનમાં ચારો કરવા માટે જંગલમાં જતી હતી. અને સાંજે ગામના ગૌધણમાં પાછી ફરતી હતી. સાંજે ગોવાળ જયાં ગાયને દોહવા બેસે તો આંચળમાં દુધ ન હોય. આમ વારંવાર થવાથી ગાયના માલિકે ગોવાળને ઠપકો આપ્યો અને કહયું કે તું ગાયને દોહી લેતો લાગે છે, આ ઠપકો સાંભળી ગોવાળે બીજા દિવસે ગાયનું ખાસ ધ્યાન રાખ્યું તો ગાય જંગલમાં ચારો ચરીને ત્યાં આવેલ રાફડા પર ઉભી અને ચારેય આંચળમાંથી દુધની ધારા વહેવા લાગી આ દશ્ય નીહાળી ગોવાળે ગામમાં વાત કરતા બીજા દિવસે ગાયના માલિક અને ગામલોકોએ રાભડાનું ખોદકામ કરતા તેમાંથી સ્વયંભુ મહાદેવની લીંગ પ્રાગટય થઈ.બાજુમાં ગરણી ગામ આવેલ હોવાથી ગરણેશ્વર મહાદેવ નામ રાખવામાં આવ્યું .મંદિરની આસપાસ ગીચ જાડી ઝાડવા વડના ઉંચા ઝાડ હોવાથી અહીં રાષ્ટ્રીયપક્ષી મોર અને ઢેલના ટહુકા તેમજ અન્ય પક્ષીઓના કલરવથી વાતાવરણ મનોહર અને આહલાદક સૌદર્યલક્ષી લાગે છે. કર્ણુકી નદીના કાંઠે ઉપરના ભાગે ડટણ સૌ પટણ થયેલ ટીબો આવેલ છે. ત્યાં જુનુ ગરણી ગામ હશે. તેવું બુઝર્ગોનું કહેવું છે. મંદિરના પરીસરમાં ચોમાસામાં ભકતજનોને વરસાદથી ખલેલ ન પહોંચે તે માટે દાતાઓ દ્વારા વિશાળ પતરાનો શેડ તથા ભોજનાલય બનાવી આપેલ છે. શ્રાવણમાસના દર સોમવાર તથા સાતમ આઠમના તહેવાર પર અહીં મેળો ભરાય છે. મહાદેવ સર્વભકતજનોની મનોકામના પુર્ણ કરે છે. શ્રાવણમાસમાં ભકતજનો શીવજીને બીલીપત્ર દુધ ચડાવી ધન્યતા અનુભવે છે.

# બગસરા એગ્રો એસોસિએશનની બેઠક યોજાઈ

## શ્રી જયસુખભાઇ ઘાડિયા એગ્રો એસો. નાં પ્રમુખ તરીકે નિમાયા : સર્વત્ર આવકાર



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)આજરોજ બગસરા એગ્રો એસોસિએશન નાં પ્રમુખ તરીકે ડેરી પિપરિયા નાં જયસુખભાઈ ઘાડિયા ની સર્વાનુમતે વરણી કરવા માં આવી હતી જેમાં કનૈયા એગ્રો નાં માલિક મનસુખભાઈ બોરડ તથા કિસાન મોર્ચા નાં પ્રમુખ એગ્રો એસોસિએશન નાં ખજાનચી અતુલ ભાઈ ખૂંટ એ ફૂલહાર પહેરાવી ને સન્માન કર્યું સાથે વેપારી મહામંડળ પ્રમુખ ભાવેશભાઈ મસરાણી એ શુભેરછા પાઠવી વરણી ને આવકારી હતી તેમજ શહેર નાં તમામ એગ્રો સેન્ટર ધારકો ઊપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

### પહેલા પાનાનું

### ભોગ બનેલ

આગેવાનોએ મુલાકાત લીધી? જો કે હું દિકરીને રૂબરૂ મળી છું અને સમગ્ર સ્થિતિ જાણી છે. દિકરીનાં પેરેન્ટ્સને પમ હું મળી છું. આ પરિવારને હું ન્યાય અપાવીને જ રહીશ તેમ શ્રી જેની ઠુંમરે જણાવ્યું છે. વધુમાં એવું પણ જણાવ્યું કે, અનેક દિકરીઓ અનેક પરિવારો આવા બનાવોમાંથી પસાર થઈ રહ્યાં છે. કોઈ બોલી પણ શકતા નથી. ક્યાંક ને ક્યાંક ભાજપનો કાર્યકર હોય અને એવું માની લે છે કે, મારૂ કોઈ શું કરી લેવાનાં. હકીકતે ગુજરાતમાં નાગરીકો ભયમુક્ત નથી બન્યા પણ આરોપીઓ ભયમુક્ત બન્યા છે. તેઓ માને છે કોઈ મારો વાળ પણ વાંકો નહીં કરી શકે. દુષ્કર્મ જેવી ઘટનાઓમાં ઘણી વખત લોકો મને ફોન પણ કરે છે. આ દિકરીને ન્યાય અપાવીને જ રહીશ. બનાવને છુપાવવા કે દબાવવાની વાત હોય તો કોઈ પણ સમાજ માટે શરમજનક કહીં શકાય. બનાવને બીજી દિશામાં ફંટાવાની વાત કે તો પણ યોગ્ય નથી. આવી ઘટનાઓમાં આરોપીની ઘરપકડ તત્કાલ થવી જોઈએ. અગાઉ ફરિયાદ પણ દાકલ નોતી કરાતી તેવા અનેક સવાલો પણ ઉભા થયા છે. જે તે વખતે ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહેલું કે પોલીસ સક્ષમ છે. પણ આરોપીઓને કેમ પકડી શકતી નથી. આવા અનેક સવાલો શંકા ઉપજાવે છે તેમ જણાવી વધુમાં એવું પણ જણાવ્યું કે, તમામ સમાજને હું વિનંતી કરૂ છું અન્યાય, અત્યાચાર થતા હોય તો ખુલીને બોલો તેમ શ્રી જેની ઠુંમરે મિડીયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# સોમનાથ મહાદેવને વિશેષ બિલ્વપત્ર શ્રૃંગાર

## સોમવારની સંધ્યાએ સોમનાથ મહાદેવને વિશેષ શૃંગાર કરાયો



ગીરસોમનાથ,સોમનાથ મહાદેવને શ્રાવણ શુક્લ પ્રતિપદા એટલેકે એકમ પર સોમનાથ મહાદેવને જન કલ્યાણની પ્રાર્થના સાથે બિલ્વપત્ર શૃંગાર કરવામાં આવ્યો હતો. સોમનાથ મહાદેવને બિલ્વપત્રોથી શૃંગાર કરવાની પ્રથા ખૂબ જ પ્રાચીન અને પવિત્ર માનવામાં આવે છે. બિલ્વપત્ર ભગવાન શિવને અત્યંત પ્રિય છે. અને તેમને બિલીપત્ર અર્પણ કરવાથી ભક્તોને ત્રણ જન્મના પાપ માંથી મુક્તિ મળે છે. બિલ્વપત્રને ત્રિદેવનું પ્રતિક માનવામાં આવે છે. તેના ત્રણ પર્ણમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતિનિધિત્વ કરે છે. બિલ્વપત્રમાં શાંતિ અને શુદ્ધિના ગુણો હોય છે. તેના દર્શન અને સ્પર્શથી મન શાંત થાય છે અને આધ્યાત્મિક પ્રગતિ થાય છે.શૃંગારમાં બિલ્વપત્ર, ચંદન, ભસ્મ અને પુષ્પોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મંદિરના પૂજારી શ્રીઓ દ્વારા ૩ કલાક સુધી પ્રયત્નોથી સોમનાથ મહાદેવને આ વિશેષ શૃંગાર કરવાં આવ્યો હતો.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## રાષ્ટ્રીય પર્વની શાનદાર ઉજવણી માટે પૂર્વ તૈયારીઓ શરુ

# જુનાગઢમાં સ્વાતંત્ર્ય પર્વે મંત્રીશ્રી રાઘવજીભાઇના હસ્તે ધ્વજ વંદન

## ૧૫ ઓગષ્ટની પૂર્વ તૈયારીઓ માટે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની બેઠક યોજાઈ

જૂનાગઢ,

રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી જૂનાગઢ સ્થિત પી.ટી.સી. ગ્રાઉન્ડ ખાતે થશે. કાર્યક્રમના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના દિશાનિર્દેશ મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અંગે પૂર્વ તૈયારીઓ શરુ કરવામાં આવી છે. ૭૮માં સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણીમાં રાજયના કૃષિ અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન થશે. ધ્વજવંદન થવાનું છે તે સ્થળની તપાસ કરવી, મંચ તૈયાર કરવું, રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટેની તૈયારી, સ્થળ પર મેડિકલ અને ફાયર સેફ્ટી અંતર્ગતની જરુરી કામગીરી, ટ્રાફિક નિયમન, સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કૃતિ રજૂ કરતા ભૂલકાઓને અલ્પાહાર સહતિ જરુરી વ્યવસ્થાઓ માટે ઘટતું થાય તે જોવા સંબંધિત અધિકારીશ્રીઓને, જિલ્લા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી. સાફ-સફાઈ, વૃક્ષારોપણ, વીજ પુરવઠો, પાણી, લાઈટીંગ અને ડેકોરેશન તેમજ પરેડની કામગીરી માટે પોલીસ બંધોબસ્ત ગોઠવવા સહિતની બાબતો માટે માર્ગદર્શન સાથે નિર્દેશ આપ્યા હતા. સમગ્ર જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત નાગરિકો ઘરે ઘરે તિરંગો લહેરાવે તે માટે જાગૃત્તિ કાર્યક્રમ, તિરંગા યાત્રા યોજાશે. જિલ્લાની વિવિધ શાળાઓમાં દેશભક્તિ થીમ આધારિત ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. સ્વતંત્રતા દિવસે રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના રમતવીરો તેમજ પોતાના ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધી મેળવનાર પ્રતિભાઓનું સન્માન કરવામાં આવશે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છ સંગ્રહાલય દ્વારા ફોટોગ્રાફી હરીફાઈ યોજાશે

ભુજ,

કચ્છ સંગ્રહાલયભુજ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (તા. ૧૨/૦૮/૨૦૨૪), સ્વતંત્રતા દિવસ (તા. ૧૫/૦૮/૨૦૨૪) તથા વિશ્વ ફોટોગ્રાફી દિવસ (તા. ૧૯/૦૮/૨૦૨૪) ને સાંકળીને કચ્છ સંગ્રહાલય, ભુજ દ્વારા 'મારુ કચ્છ' (An Entire Day with Art, Artist and Artisan.) કલા, કલાકાર અને કારીગર સાથે સમગ્ર દિવસ આ વિષય પર ફોટોગ્રાફી હરીફાઈનું ગત વર્ષની સફળતા બાદ આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૦૬/૦૮/૨૦૨૪ થી તા. ૧૨/૦૮/૨૦૨૪ દરમિયાન સ્પર્ધકોએ પોતાની પસંદગીના, કલા, કલાકાર કે કારીગર સાથે સમગ્ર દિવસ દરમિયાન અહમ ભુમિકા દર્શાવતી ઓછામાં ઓછી ૨ થી ૫ ફોટોગ્રાફ સાથે પોતાની અનુભૂતિ શબ્દોમાં પરોવી (સ્ટોરી લાઈન) ફોટોગ્રાફીના માધ્યમથી રજૂઆત કરવાની રહેશે. તા. ૧૨/૦૮/૨૦૨૪ સુધીમાં ગુગલ ફોર્મ ભરી, પોતાના ફોટોગ્રાફ દરેક સ્પર્ધકે પોતાના સોશિયલ મીડિયા પેઈજ (જેવાં કે Instagram, Facebook, Twitter) પર અપલોડ કરી Kachchhmuseuminlu ટેગ કરીને Kachchhmuseumin, capativitingkachchh, asanjokachchh, anentireday, WorldPhotographyDay, World Photography Day ૨૦૨૪ કરવાનું રહેશે. ફોટોગ્રાફી અને વિરાસત ક્ષેત્રના નિષ્ણાંત નિર્ણાયકોની સમિતી દ્વારા પંસદગી પામતાં બેસ્ટ ફોટોગ્રાફસનું પ્રદર્શન તા. ૨૦થી ૨૩ સુધી સવારે ૧૦.૦૦થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી નિઃશુલ્ક જોવા મળશે.

**ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ**

મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેસની સગવડ સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125



- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

પાના નં ૬

તા.૦૬-૦૮-૨૦૨૪ મંગળવાર





શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા) **આનંદ** કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


### ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન ઓફ યુ.એસ.એ દ્વારા

# શ્રી સંઘાણીની ઉપસ્થિતિમાં ડલ્લાસમાં યુનાઇટેડ ગુજરાતી કોન્કલેવ

### ટેક્સાસ અમેરીકી હાઉસના પીટ સેશન્સની સાથે શ્રી દિલીપ સંઘાણીએ મૂલાકાત લીધી : ભારતની સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો

### ગુજરાતી કોન્કલેવમાં નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ, રાજ્યનાં સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સહિતની ખાસ ઉપસ્થિતિ



અમરેલી,
ગુજરાતની ધરોહર, અલભ્યસાંસ્કૃતિકઅનેવિકાસવ્યવહાર વારસાને આંતરરાષ્ટ્રિય ઓળખ માટે આયોજીત ધ યુનાઈટેડ ગુજરાતી કોન્કલેવ-૨૦૨૪ ઉપસ્થિત સંઘાણીએ વધુમા જણાવેલ કે,સમગ્ર રાષ્ટ્રમા ગુજરાતી પથરાયેલો-છવાયેલો છે તેનું કારણ અલભ્ય સંસ્કૃતિ અને સાહસીક ભુમી છે તેમ ગુજરાતના પૂર્વ મંત્રી-રાષ્ટ્રિયપીઢસહકારીઆગેવાનદિલીપ સંઘાણી એ ડલ્લાસ-અમેરીકા ખાતે આયોજીત કોન્કલેવ સભાને ગુજરાતની પરંમ્પરા અનુસાર રામ્.રામ્.કહીને સંબોધતાઉપસ્થિતસમુદાયેતાલીઓના ગડગડાટ થી વધાવી લીધા કાર્યક્રમમા ઉપસ્થિત રહેલ ટેકલાસ અમેરીકી હાઉસના પ્રતિનિધિ પીટ સેશન્સ સાથે મૂલાકાત કરવામા આવી હતી.

અમેરીકા ખાતે વસતા વિશાળગુજરાતીપરિવારોનાસંગાથેના યોજાયેલધ યુનાઈટેડ ગુજરાતી અંતર્ગત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ હતો જેમા સંઘાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. સંઘાણીએ અમેરીકી પ્રતિનિધિ પીટીઈ સેશન્સની શુભેચ્છા મૂલાકાત સાથે બન્ને દેશોની મૈત્રી દોહરાવી હતી, કાર્યક્રમમા દિલીપ સંઘાણી ઉપરાંત પ.પૂ. જ્ઞાનવત્સલસ્વામી, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પૂર્વમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્યવિપુલભાઈ પટેલ, ઓવરસીઝ ફ્રેન્ડસ્ બીજેપી વાસુદેવભાઈ પટેલ, ઘનશ્યામભાઈ કાકડીયા, સુમો દાસગુપ્તા, પ્રશાંતભાઈ ગજેરા, હિતેશભાઈ ગોંડલીયા, સંજયભાઈ માલાણી, સુરેશભાઈ કાઠરોટીયા, જીતુભાઈ શેલડીયા, રમેશભાઈ કોઠીયા, જગદીશભાઈ કાકડીયા, મહેન્ભાઈ સાવલીયા, કાંતિભાઈ જયભાઈ સાવલીયા, કરતભાઈ કાબરીયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. અમેરીકા અમેરીકા સ્થિત ભાજપના અગ્રણી અમીતભાઈ રાજપરા તરફથી આયોજીત ભોજન સમારંભનું આયોજન કરવામા આવેલ.

### એક ઘડી, આધી ઘડી, આધી મે પુની આધ, તુલસી સંગત સંત કી, કટે કોટિ અપરાધ:પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે

# અમરેલીમાં શ્રી સ્વામિનારાયણ મંદિરે સંત પારાયણ

### સ્વામિનારાયણ મંદિર પ્રમુખ વાટિકા ખાતે ૪ ઓગસ્ટના પ્રારંભ થયો : હરિભક્તો ઉમટી પડયાં



અમરેલી,
શ્રાવણમાસ એટલે શ્રવણનું પર્વ, ઓતર જાગૃતિનું પર્વ, પ્રગતિનું પર્વ, આધ્યાત્મિક સંપત્તિને જીવનમાં ઉતારવાનું પર્વ. સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત મનુષ્યજીવન આજે વધુ જેલ બન્યું છે. કેવળ ભૌતિક પદાર્થોમાં સુખ માનીને આપણે સાચી શાંતિનો અનુભવ કરી શકયા નથી. સાચુ સુખ અને શાંતિનું સરનામું આપણા ઋષિમુનિઓ, સંતો અને શાસ્ત્રો બતાવે છે, તે છે ભગવાન અને સંતના લીલાચરિત્રોનું શ્રવણ. પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે વિશેષ કથાશ્રવણનો લાભ પ્રાપ્ત થાય તેવા શુભઆશયથી ૮/૨૫ શ્રીસ્વામિનારાયણ મંદિર, પ્રમુખવાટિકા, અમરેલીના આંગણે તા.૪ ઓગષ્ટ થી ૮ ઓગષ્ટ સુધી સંત પારાયણનું આયોજન કરેલ છે. આ સંત પારાયણનો પ્રારંભ તા.૪ ઓગષ્ટ રવિવારે સાંજે ૫:૩૦થી યોજાતી રવિસભામાં થશે. તેમજ તા.૫ ઓગષ્ટ થી ૮ ઓગષ્ટ સુધી રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ દરમ્યાન સંત પારાયણનો લાભ પ્રાપ્ત થશે. આ સંત પારાયણમાં ૮/૨૫ સંસ્થાના વિદ્વાન વક્તા અને સંગીતજ્ઞ સંત પૂ.કૃષ્ણપ્રિયસ્વામી સંગીતજ્ઞ કલાકારો સાથે તેમની રસાળ, સંગીતમય શૈલીમાં પારાયણનો લાભ આપશે. આ પારાયણનો લાભ લેવા તમામ ધર્મપ્રેમી જનતાને પધારવા ૮/૯૫ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમરેલીની યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી સારહિ તપોવનના તપસ્વીઓને ભોજન કરાવાયું

### લાયન્સ કલબના કાકડીયા, નાકરાણી, સુખડીયા પરિવારનું આયોજન



અમરેલી,સેવાને સરનામે ઉમળકા સાથે તા. ૦૩-૦૮-૨૦૨૪નાંરોજ સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાંરહેતા તપસ્વીશ્રીઓની સાથે રહીને સમયવિતાવેલ અને ત્યારબાદ ભોજનપ્રસાદ લઈને છૂટા પડેલ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (મેઇન) સભ્યશ્રી જગદીશભાઈ કાકડીયા સહપરિવાર, શ્રી ભાવેશભાઈ નાકરાણી સહ પરિવાર, શ્રી રાજુભાઈ ઝાલાવાડીયા, શ્રી જતીનભાઈ સુખડિયા, શ્રી ઘનશ્યામભાઈ શિંગાળા સહિતના ઉપસ્થિત રહેલ,સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

### ધારાસભ્યશ્રી તળાવીયાની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રી પટેલ દ્વારા ઈ - લોકાર્પણ કરાયું

# બાબરામાં નગરપાલિકા ખાતે સિટી સિવિક સેન્ટરનો પ્રારંભ

### ધારાસભ્યશ્રી તળાવીયાની મહેનતથી બાબરામાં વધુ એક વિકાસનું પીછું ઉમેરાયું



બાબરા,
ગુજરાત રાજયમાં સરકાર દ્વારા નગર પાલિકાવિસ્તારમાંવસતા નાગરિકોને વિવિધ સેવાઓનો લાભ એકજ સ્થળેથી મળી રહે તેવા હેતુથી ઈઝ ઓફ લિવિંગ વૃદ્ધિના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અભિગમ સાથે ૪૪ કરોડના ખર્ચે એ ૩૨ નગરપાલિકાઓમાં સિટી સિવિક સેન્ટરની ભેટ આપવામાં આવી હતી.જેમાં લાઠી બાબરાના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા ની રજૂઆતથી બાબરા ખાતે પણ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે.જેનું લોકાર્પણ ધારાસભ્યશ્રી ની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રી દ્વારા ઈ - લોકાર્પણ કરવામાં આવ્યુંહતું.રાજ્યમાંસ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૨૨ નગરપાલિકાઓમાં સિટી સિવિક સેન્ટરની સફળતા બાદ અમરેલી જિલ્લાની બાબરા નગર પાલિકાના પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.આ વિસ્તારના જાગૃત ધારાસભ્યશ્રી જનકભાઇ ના વિકાસના અભિગમ અને લોકોને સુવિધા મળી રહે તેવા હેતુથી કરવામાં આવેલ રજૂઆતને ધ્યાને રાખી સરકારશ્રી દ્વારા બાબરા ને પણ સિટી સિવિક સેન્ટર ફાળવવામાં આવ્યું હતું.આ સેન્ટર સહિત રાજયભરની ૩૨ નગર પાલિકાઓમાં સેન્ટરનું ઈ - લોકાર્પણ મુખ્યમંત્રીશ્રી દ્વારા બાલાસિનોર ખાતેથી કરવામાં આવ્યું હતું.નાગરિકોને વિવિધ પ્રશ્નોના નિવારણ માટે ઓછામાં ઓછાં સમય ગાળો રહે એટલું જ નહિ નગર પાલિકા વિષયક ઓનલાઈન સુવિધા સરળતાથી મળે એ માટે વન સ્ટોપ શોપ તરીકે સિટી સિવિક સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે.નગરોમાં વસતા શહેરીજનોની સુખ સુવિધામાં વૃદ્ધિ કરવાના રાજ્ય સરકારના સંકલ્પને પ્રતિબિંબિત કરતા આવા સિટી સિવિક સેન્ટર્સમાં મિલ્કત વેરા, હોલ બૂકિંગ, વેરા આકારણી અરજી, લગ્ન નોંધણી, વ્યવસાય વેરા અને વ્યવસાય વેરાનું રજિસ્ટ્રેશન, જન્મ મરણના દાખલા, ગુમાસ્તાધારા પરવાના અને અન્ય ફરિયાદોની અરજીને લગતી કામગીરી કરવામાંઆવે છે.મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પણ કર્યું તે વખતે બાબરા ખાતે ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા ની ઉપસ્થિતિમાં સિટી સિવિક સેન્ટર નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્યશ્રી સાથે અમરેલી જિલ્લા ભાજપ સંગઠન,બાબરા શહેર ભાજપ સંગઠન,તાલુકા અને શહેર ના આગેવાનો તેમજ નગર પાલિકાના પદાધિકરીઓ અને અધિકારીઓ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી જોગીદાસ ખુમાણ પરિવારમાં કાયમી સ્મૃતિ જાળવવા

# સાવરકુંડલામાં શિવાલયનું નિર્માણ કરાયું

### અચાનક વિઘ્ન દુર થતાં કળશ ચમત્કારીક રીતે ચડયું : ભાવિકોની વિશાળ ઉપસ્થિતિમાં આયોજન





સાવરકુંડલા,એક સમય ના બહારવટિયા અને નેકી, ટેકી, વટ, વચન, અને ક્ષાત્રધર્મ માટે જાણીતા જતીપુરુષ જોગીદાસ ખુમાણ ના સગા કાકા ના દીકરી બેન એવા આઈ જશુબાઈ મા દ્વારા પોતાના એકમાત્ર ભાઈ ભોકાબાપુ ખુમાણ ની કાયમી સ્મૃતિ જળવાઈ રહે તે માટે લગભગ ઈસ. ૧૮૬૦ આજુબાજુ આ શિવાલય નુ નિર્માણ કરાવાયેલ.જે તે સમયે આ મંદિર ના નિર્માણ વખતે મંદિર પર મુકવામાં આવેલ પાશાણ કળશ ચડાવતી વખતે અચાનક જ વિઘ્ન આવેલ અને મંદિર ના નિર્માણ નુ કામ અટકી ગયેલ, પરંતુ આઈ જશુબાઈ માની દેવાધિદેવ મહાદેવ પ્રત્યે ની ભાવ, ભક્તિ, અને અતૂટ શ્રદ્ધા થકી કોઈ માની ના શકે તેમ અચાનક આવેલ આ વિઘ્ન ચમત્કારીક રીતે દૂર થયેલ. ઉપસ્થિત ગ્રામજનો આ દૈવીય ચમત્કાર ને નિહાળી ભારે અચંબિત થઈ ગયેલ.ત્યાર બાદ આ નૂતન મંદિરનુ કાર્ય પૂર્ણ થયેલ.જે તે સમયે મંદિર નિર્માણ સમયે બનેલ આ ચમત્કાર ને પેઢી દર પેઢી આજે પણ લોકો ભૂલ્યા નથી.ઈસ. ૧૯૭૪ મા પ્રસિદ્ધ લોકવાર્તાકાર સ્વ. કાનજીભાઈ બારોટ (સ્વ. કાનજી ભુટ્ટા બારોટ )દ્વારા જે તે સમયે શ્રી જશોનાથ મહાદેવ મંદિર ના નિર્માણ સાથે જોડાયેલ આ ચમત્કારિક, ઐતિહાસિક ઘટનાને આકાશવાણી અમદાવાદ પરથી પોતાની આગવી શૈલી મા લોક કથા રૂપે રજૂ કરેલ.શ્રદ્ધાળુઓ માટે આસ્થા નુ કેન્દ્ર 'શ્રી જશોનાથ મહાદેવ મંદિર 'આજે પણ હાથસણી ગામ ના ચોક મા ભવ્ય ભૂતકાળ ના ગૌરવવંતા ઈતિહાસ ની સાક્ષીસમું અડીખમ ઉભું છે.

# ગમા પીપળીયામાં કિસાન સંઘનું સંમેલન યોજાયું

### આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ દ્વારા ખેડુતોને માર્ગદર્શન અપાયું



બાબરા,
બાબરાના ગમાપીપળીયા ગામમાં ભારતીય કિસાન સંઘ તાલુકા પ્રમુખ ભાનુભાઈ પાનશેરીયાની આગેવાની દ્વારા કિસાન સંમલેન યોજવામાં આવેલ. વરસાદના માહોલમાં પણ બહોળી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપેલ. તેમજ ભારતીય કિસાનસંઘના આમંત્રણને માન આપી આત્મા પ્રોજેક્ટમાંથી આસિસ્ટન ટેકનોલોજી મેનેજર રોહિતભાઈ પટેલ પધારેલા. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે સરસ માહિતી આપી. પ્રાકૃતિક ખેતીની શરૂઆત ખેડૂતોને ૧ થી ૫ વિધા સુધી પણ કરી શકે. તેમાં શાકભાજી, બાગાયતી ખેતી, કેસીંગના વાવેતરમાં સારી સફળતા મળે છે, તેમાં ખેતીનો ખર્ચો ઘટે છે અને દવા અને રાસાયણિક ખાતર વગર ઉત્પાદન મળતા વધારે મીઠાસ વાળુ ઉત્પાદન મળે છે.તેમજ તેમણે જણાવ્યું કે પ્રાકૃતિક ખેતીમાં બીજામૃત, જીવામૃત વગેરે કેમ બનાવવા, કેવી રીતે ઉપયોગ કરવો બધી જ માહિતી આપી. ગમે ત્યારે માહિતી, સહકાર જોઈએ તો ફોન કરી માહિતી લઈ શકો છો. તેમજ ગમાપીપળીમાં પ્રાકૃતિક ખેતી કરતા શિવાભાઈ રમેશભાઈ પાસેથી માહિતી મેળવી તેમને રાહબર બનાવી શકો છો.. ભારતીય કિસાન સંઘ બાબરા તાલુકા પ્રમુખે જણાવ્યું હતું કે ભવિષ્યમાં કેન્સર, હાર્ટએટેકના પ્રમાણ ખૂબ જ પ્રમાણ વધતું જાય છે.અને ગુજરાત પણ કમમાં આગળ વધતું જાય છે.તેમાંથી બચવા માટે તંદુરસ્ત ખેતી એટલે કે પ્રાકૃતિક ખેતી તરફ આપણે આગળ વધવું જ પડશે.તો જ તંદુરસ્ત ભારત બની શકશે, કિસાન જગતનો તાત (પિતા) છે. કિસાનોનો ધંધો એક જ એવો છે જે કુદરત આધિન છે. પણ સરકાર પ્રાકૃતિક ખેતીની લેબોરેટરી કરી સારા અને પુરતા ભાવે ખરીદી કરે તો ખેડૂત ખેતી ઉપર નિર્ભર રહી શકશે. તેમજ ભવિષ્યમાં ખેતીને તેમજ માનવ જીવનને તેમ જ પશુપક્ષીને જીવંત અને ધબકતું રાખવું હશે તો દરેક મનુષ્યે દર વર્ષે તેમની વર્ષગાંઠે વૃક્ષ ઉછેરે તો જ પૃથ્વી ઉપર ઓકસીજન અને ગરમીનું સંતુલન રહી શકશે. નહિતર આ વર્ષે ગરમીનું પ્રમાણ ૪૫થી ૪૭ ડીગ્રી તાપમાન હતું. વૃક્ષો નહી ઉછેરીએ તો ભવિષ્યમાં ગરમીને કારણે હિટવેવ વધશે અને ગરમીને કારણે પશુપક્ષી અને માનવ સમાજની જાનહાની થતી અટકાવવા ખાસ વાડીએ-ખેતર તેમજ જાહેર જગ્યા ઉપર વૃક્ષો ઉછેરવા અનુરોધ કર્યો.તેમજ ગમાપીપળીયા ભારતીય કિસાન સંઘમાં વધુમાં વધુ સભ્ય નોંધણીમાં જોડાય તેવું જણાવ્યું તેમજ બેઠકમાં ગમાપીપળીયા કિસાન સંઘ પ્રમુખ વિનુભાઈ પાનશેરીયા, શંભુભાઈ પટોળીયા, મહેશભાઈ ચાવડા, જીવકુભાઈ બાખલકીયા અને ગ્રામકમીટી, તેમજ ગામમાંથી ઘણાં ખેડૂતભાઈઓ વરસાદી માહોલમાં-હાજરી આપી હતી.

## અમરેલી સારહિ તપોવનમાં ગાયત્રી યજ્ઞ યોજાયો

### ભટ્ટ પરિવાર દ્વારા ગાયત્રી યજ્ઞમાં આહુતિ અપાઇ



અમરેલી,સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધાર નો આધાર' સારહિ તપોવન આશ્રમ ખાતે તા.૦૪/૦૮/૨૦૨૪નાં રોજ લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન ના સેક્રેટરી શ્રી બકુલભાઈ ભટ સહ પરીવાર ને ગાયત્રી યજ્ઞ મા બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરેલ સારહી તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીઓએ પણ યજ્ઞ મા આહુતિ આપી. (ગાયત્રી શક્તિ પીઠ અમરેલી માંથી ગીતાબેન બાવીશીએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો) તેમજ વિશેષ માં સારહી તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીઓની સાથે રહીને સમય વિતાવેલ અને ત્યારબાદ ભોજન પ્રસાદ લઈને છુટા પડેલ સારહી યુથ ક્લબ ઓફ અમરેલી પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી તથા સારહી પરિવાર દ્વારા હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# બગસરાના રફાળા ગામમાં ગૌચરની જમીન પરનું દબાણ દુર કરવા માંગણી

### મૌલિકભાઈ વરૂ દ્વારા તલાટી કમ મંત્રીને રજુઆત કરાઇ

બગસરા, (રૂપેશ રૂપારેલીયા)
બગસરા તાલુકાના રફાળા ગામના અરજદાર મૌલિકભાઈ જગુભાઈ વરૂ પશુપાલનનો વ્યવસાયકરતા હોય. અને અમારા ગામમાં સરકારશ્રીદ્વારા પશુપાલનના વ્યવસાયને ધ્યાને લઈ ગૌચરની જમીન ફાળવવામાં આવેલ છે. હાલ આ તમામ ગૌચરની જમીનમાં અમારા જ ગામના રહીશો પૈકી પ્રેમજીભાઈ દેવશીભાઈ વેકરીયા, મધુભાઈ કુરજીભાઈ વેકરીયા, હરસુખભાઈ જીણાભાઈ ચૌહાણ, અશ્વિનભાઈ કાંતિભાઈ જોટગીયા, પ્રવિણભાઈ જીણાભાઈ ચૌહાણ, મધુભાઈ કાનાભાઈ ચૌહાણ, કાંતિભાઈ ડાયાભાઈ ચૌહાણ, નારણભાઈ બધાભાઈ ચૌહાણ, તથા વગેરે શખ્સોએ જાણી જોઈને અમારા ગામની ગૌચરની જમીનમાં પેશકદમી કરી દબાણ કરેલ છે. ઉપરોકત દર્શાવેલા તમામ શખ્સોને અગાઉ સરકારશ્રી દ્વારા નોટીસ આપીને પણ તાકીદ કરવામાં આવેલ છે. અને રૂબરૂ મૌખિક સુચનાઓ પણ આપવામાં આવેલ છે. છતા આજદિન સુધી અમારા ગામમાં ગૌચરની જમીન ખાલી કરવામાં આવેલ નથી. ઉપરોકત તમામ શખ્સો માથાભારે હોય અને અમો અરજદાર તથા અમારી જ્ઞાતિના તમામ શખ્સોનો એકમાત્ર વ્યવસાય પશુપાલનનો હોય. તેમના ઉપર જ અમારા પરીવારનું નિર્વાહ ચાલતો હોય. જેથી ઉપરોકત બાબતે તાત્કાલિક ધોરણે નિર્ણય લઈ દબાણ કરેલ ગૌચરની જમીન ખાલી કરવા તલાટી કમ મંત્રીને રજુઆત કરી તેની નકલ બગસરા અને અમરેલીના ટીડીઓને મોકલી આપેલ છે.

